RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 02, Dt.10-4-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પેકેજ ફૂડમાં કેટલું મીઠું -ખાંડ અને ફેટ છે તેનું લેબલ લગાવો: સુપ્રિમ

## ત્રણ મહિનામાં નિયમ બનાવવા આદેશ: દેશમાં સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદય સંબંધિત રોગો વધતા તેને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું: ફૂડ પેકેજિંગમાં મોટા ફેરફારો થઈ શકે છે: આ મામલો જાહેર હિતની અરજી દ્વારા કોર્ટમાં લાવવામાં આવ્યો હતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


ફૂડ પેકેજિંગમાં મોટા ફેરફારો થઈ શકે છે. દેશમાં સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદય સંબંધિત રોગો (કાર્ડિયોવેસ્ક્યુલર રોગો) વધતા તેને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર ચેતવણી લેબલ ફરજિયાત બનાવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આ મુદ્દા પર નિષ્ણાત સમિતિ પાસેથી ત્રણ મહિનાની અંદર સૂચનો માંગ્યા છે જેથી ખાદ્ય સુરક્ષા નિયમોમાં જરૂરી ફેરફારો કરી શકાય.

આ મામલો જાહેર હિતની અરજી દ્વારા કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. ૫૩જ અને અવર હેલ્થ સોસાયટીથ નામની સંસ્થા દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. એડવોકેટ રાજીવ શંકર દ્વિવેદી દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માંગ કરવામાં આવી હતી કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર FOPL એટલે કે ફ્રન્ટ-ઓફ-પેકેજ લેબલ સિસ્ટમ લાગુ કરે.

FOPL સિસ્ટમ હેઠળ, પેકેજ્ડ ખાદ્ય ઉત્પાદનોના આગળના ભાગમાં પોષણ સંબંધિત માહિતી સ્પષ્ટ અને સામાન્ય ભાષામાં આપવામાં આવશે. જેથી ગ્રાહક સમજી શકે કે ફૂડ પેકેટમાં કેટલું મીઠું, ખાંડ કે ફેટ હોય છે. જેથી તેઓ તેમના સ્વાસ્થ્ય અનુસાર યોગ્ય વિકલ્પ પસંદ કરી શકે.

સુનાવણી દરમિયાન, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ કહ્યું હતું કે, 'FOPL સિસ્ટમ અંગે જનતા તરફથી લગભગ ૧૪,૦૦૦ સૂચનો મળ્યા હતા. આ સૂચનો પર વિચાર કરવા માટે એક નિષ્ણાત પેનલની રચના કરવામાં આવી છે. જે નિયમોમાં સુધારાની ભલામણ કરશે.





ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN)ની નિષ્ણાત સમિતિએ સૂચન કર્યું છે કે પેક્ડ ફૂડ અને બેવરેજિસમાં ખાંડનું પ્રમાણ નક્કી કરવામાં આવે. વધારે ખાંડ, ફેટ અને મીઠું ધરાવતા ખોરાક ટાળવો જોઈએ. તેના નિયમિત સેવનથી ડાયાબિટીસ, હાયપરટેન્શન, હૃદય રોગ જેવી ગંભીર બીમારીઓ થઈ શકે છે.

ICMR હેઠળ હૈદરાબાદ સ્થિત NINએ ભારતીયો માટે ડાઈટરી ગાઈડલાઈન્સ જારી કરી છે. NIN એ કહ્યું, ૫ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ના કડક ધોરણો છે, પરંતુ લેબલ પર આપવામાં આવેલી માહિતી ગેરમાર્ગે દોરનારી હોઈ શકે છે.

ઉદાહરણ આપતા, NIN એ જણાવ્યું હતું કે જો ખાદ્ય ઉત્પાદનમાં કલર, ફ્લેવર અને આર્ટીફિશીયલ સબ્સટેન્સેસ ઉમેરવામાં ન આવે અને મીનીમલ પ્રોસેસ કરવામાં આવે તો તેને પનેચરલથ કહી શકાય. જસ્ટિસ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે હવે નિષ્ણાત સમિતિએ ત્રણ મહિનાની અંદર કેન્દ્ર સરકારને તેમની ભલામણો આપવાની રહેશે જેથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલિંગ અને ડિસ્પ્લે) રેગ્યુલેશન્સ ૨૦૨૦ માં જરૂરી સુધારા કરી શકાય. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં ઝડપથી વધી રહેલા અનહેલ્ધી લાઈફસ્ટાઈલના કારણે થતા રોગોનું મુખ્ય કારણ અનહેલ્ધી ફૂડ છે. જો લોકોને આવા ખોરાકમાં રહેલી વધારાની ખાંડ, મીઠું અને ફેટ વિશે અગાઉથી જાણ કરવામાં આવે તો તેઓ રોગોથી બચી શકે છે. FOPL આ દિશામાં એક મજબૂત પગલું બની શકે છે.જો નિષ્ણાત પેનલની ભલામણો સ્વીકારવામાં આવે, તો ભવિષ્યમાં પેકેજ્ડ ખોરાક પર સ્પષ્ટ ચેતવણી લેબલ જોવા મળી શકે છે. જેના કારણે ગ્રાહકો વધુ સતર્ક અને જાગૃત બનશે.

# ટેરિફના કારણે ભારતમાં મોબાઈલ ફ્રીઝ અને ટીવી સસ્તા થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિના કારણે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોર ફાટી નીકળ્યું છે. ચીને અમેરિકા પર ૮૪ ટકા જ્યારે અમેરિકાએ ચીન પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કર્યું છે. આ ટ્રેડવોર વચ્ચે ડ્રેગન (ચીન) ભારત સાથે સંબંધ સુધારવા સતત પ્રયત્નશીલ બન્યું છે.

ચીન વારંવાર ભારત સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો સુધારવા અને વધુ ગાઢ બનાવવાની રણનીતિ પર જાહેરાત કરી રહ્યું છે. ચીનની સરકાર બાદ હવે ચીનની કંપનીઓ પર ભારતીય આયાતકારોને મોટાપાયે ડિસ્કાઉન્ટ આપી આકર્ષિત કરી રહી છે.

અમેરિકાના બજારમાં કપરાં કાળ વચ્ચે ચીનની કંપનીઓએ ભારત તરફ ફોકસ વધાર્યુ છે. ચીનની કંપનીઓ ભારતને વધુ ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકા સાથે ટેરિફ યુદ્ધનો આકરો જવાબ આપવાની સાથે ચીનના ઈલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ ભારતીય કંપનીઓને કુલ નિકાસ પર ૫ ટકા ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે.

ઈલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં માર્જિન ખૂબ ઓછા હોવાથી ચીનની કંપનીઓ દ્વારા આપવામાં આવેલું આ ડિસ્કાઉન્ટ ભારતીય કંપનીઓ માટે રાહત સમાન છે. જેનાથી ભારતમાં મોબાઈલ ફોન, ટીવી, ફ્રિઝ, એસી સહિતની મોટાભાગની ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ સસ્તી થવાની શક્યતા છે.

ચીન માટે અમેરિકા બાદ ભારત સૌથી મોટું બજાર છે. ચીન અમેરિકાને



સ્માર્ટફોન, કોમ્પ્યુટર, રમકડાં, કપડાં, વીડિયો ગેમ, લિથિયમ આયર્ન બેટરી, હીટર, ફર્નિચર, પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ, ઓટો પાર્ટ્સ, મેડિકલ ડિવાઈસિસ સહિતની પ્રોડક્ટ્સ વેચે છે. હવે અમેરિકા તેના માટે વધુ નફાકારક માર્કેટ ન રહેતાં તે ભારત તરફ ડાયવર્ટ થવા માગે છે. જેનાથી ડિસ્કાઉન્ટ સહિત અનેક રાહતો આપવા તૈયાર છે. જેનાથી ભારતીય ગ્રાહકોને ફાયદો થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૮૦થી વધુ દેશો પર ટેરિફ લાદ્યા બાદ તેના અમલીકરણ મુદ્દે ૯૦ દિવસની રાહત આપી છે. જો કે, તેમાંથી ચીન બાકાત છે. ચીને અમેરિકા સામે તુરંત જ શરુ કરેલા ટ્રેડવોરના કારણે અમેરિકાએ ચીન પર ટેરિફમાં રાહત આપવાના બદલે ૧૨૫ ટકાનો વધારો કર્યો છે. જેનાથી ચીનની કંપનીઓને મોટું નુકસાન થવાની ભીતિ છે.

# રાજકોટમાં 133 વર્ષનું સૌથી વધુ ૪૫.૨ સે. વિક્રમજનક તાપમાન નોંધાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એકતરફ દેશના કેટલાક ભાગમાં વરસાદ વરસ્યો છે, ત્યારે ગુજરાતમાં આભમાંથી જળને બદલે આગ વરસવાનું જોર વધ્યું છે. આજે મૌસમ વિભાગ અનુસાર ઈ.સ. ૧૮૯૨થી એપ્રિલ માસના મહત્તમ તાપમાનની થતી નોંધ મૂજબ રાજકોટમાં આજે ૧૩૩ વર્ષનું સૌથી વધુ ૪૫.૨ સે. વિક્રમજનક તાપમાન નોંધાયું છે.

ગઈકાલ સુધી રાજકોટમાં એપ્રિલ માસનું ૧૩૩ વર્ષનું સૌથી વધુ તાપમાન તા.૧૪-૪-૨૦૧૭ના નોંધાયું હતું જે રેકોર્ડ આજે તૂટયો છે. ચિંતાજનક બાબત એ છે કે સામાન્ય રીતે એપ્રિલનું વધુ તાપમાન ત્રીજા-ચોથા સપ્તાહમાં નોંધાતું હોય છે તેના બદલે આ વખતે પહેલા,બીજા સપ્તાહમાં જ રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયા છે.

રાજ્યના આજે સર્વાધિક તાપમાન કંડલામાં નોંધાયું છે જ્યારે અમરેલી (૪૪.૩) પોરબંદર (૪૩.૩) અને કંડલા (૪૫.૬) સે.સાથે ઈ.સ. ૨૦૧૯ પછી છ વર્ષનું સર્વાધિક તાપમાન આજે નોંધાયું છે.

આ પહેલા પણ આ માસનું ઉંચુ તાપમાનં નોંધાયું છે. સદીમાં એપ્રિલ માસમાં સૌથી વધુ તાપમાનના જે ૧૦ વર્ષોની સત્તાવાર સૂચિ છે તેમાં આ શહેરો માટે ઈ.સ. ૨૦૨૫નો સમાવેશ થયો છે. આ ઉપરાંત આજે અમદાવાદ, ડીસા, ગાંધીનગર, વડોદરા,સુરેન્દ્રનગર, જુનાગઢ, કેશોદમાં તાપમાનનો પારો ઉંચકાઈને ૪૩ સે.ને પાર થયો હતો અને બળબળતી લૂ વર્ષાનો અનુભવ



થયો હતો.

જ્યારે સુરત અને ભાવનગર કે જે દરિયાકાંઠે આવેલા હોય તાપમાન નીચુ રહે ત્યાં પણ પારો ૪૧ સે.ને પાર થયો હતો. જ્યારે રાજ્યમાં બપોરે સૌથી ઓછુ તાપમાન જગપ્રસિધ્ધ યાત્રાધામ ભગવાન શ્રી કૃષ્ણની દ્વારકામાં ૩૧.૩ સે. નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે રાજકોટ, ભૂજ, સુરેન્દ્રનગર, કંડલા અને અમદાવાદમાં સમગ્ર દેશનું સર્વાધિત તાપમાન અત્યાર સુધીમાં નોંધાઈ ચૂક્યું છે અને હજુ એપ્રિલના ત્રણ સપ્તાહ અને મે માસ બાકી છે.

દરમ્યાન ભાવનગર શહેર અને જિલ્લામાં સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. મહત્તમ તાપમાન વધીને ૪૨.૨ ડિગ્રી એ પહોંચતા આગ ઝરતી ગરમી અને લુ ને કારણે લોકો તોબા પોકારી ગયા હતા.

# ટ્રમ્પના ૭૫ દેશો પર નવા ટેરીફનો અમલ મુલત્વી રાખવાની જાહેરાતથી આશ્ચર્ય

## ચીન સામે આક્રમક વલણ યથાવત : ટેરીફ ૧૦૪%માંથી વધારી ૧૨૫% કર્યા

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

તા.૨ એપ્રિલને 'લીબરેશન ડે' જાહેર કરીને ભારત-ચીન સહિતના દેશો પર જંગી ટેરીફની જાહેરાત કરી વિશ્વવ્યાપાર પર જબરી અસર સર્જનાર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે ટેરીફ મુદે અમેરિકા સાથે વાતચીત કરવા ઉત્સુક ભારત સહિતના ૭૫ દેશો પર નવા ટેરીફનો અમલ મુલત્વી રાખવાની જાહેરાત કરીને જબરુ આશ્ચર્ય અને અનિશ્ચિતતા સર્જી છે.

જો કે ટેરીફ મુદે અમેરિકા સામે નહોર ભરાવનાર ચીન પર ૧૦૪%ના બદલે ૧૨૪% ટેરીફની જાહેરાત પણ ટ્રમ્પે કરી છે. ટ્રમ્પે તેમના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટૂથ સોશ્યલમાં આ અંગે ગજબનાક ખેલ નાંખી દીધો હતો. હજું ૪૮ કલાક પુર્વે જ ટ્રમ્પે ૯૦ દિવસ ટેરીફ- હોલ્ડ અંગેના અહેવાલને ફગાવી દીધા હતા.

એવું પણ વિધાન કર્યુ કે, દુનિયાના દેશો અમેરિકા સાથે ટેરીફ મુદે વાતચીત કરવા લાઈન લગાવી રહ્યા છે તે બાદ ચીનને પણ વળતો જવાબ અપાશે તો ટેરીફ લદાશે તેવી ચેતવણી આપી હતી.

શ્રી ટ્રમ્પે તેના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર ટેરીફ સ્થગીત કરવાની જાહેરાત કરતા પુર્વે જ અમેરિકામાં શેરબજાર ટ્રેડીંગ શરૂ થયાના મિનિટોમાં ૯.૩૦ કલાકે પ્રથમ પોષ્ટ મુકતા લખ્યુ કે, બી કુલ, એવરી થિંગ ઈઝ ગોઈંગ ટુ- વર્ક આઉટ વેલ એટલે કે બધું સારુ બનવા જઈ રહ્યું છે.

અમેરિકા અગાઉ કરતા વધુ સારુ અને મોટું બનવા જઈ રહ્યું છે. માર્કેટમાં ટ્રમ્પની પોષ્ટનો અર્થ સમજાય તે પુર્વે ફકત ચાર જ મિનીટમાં તેમણે ફરી એક પોષ્ટ મુકી. 'ધેર ઈઝ એ ગ્રેટ ટાઈમ ટુ બાય' લખ્યું અને બાદમાં અમેરિકી શેરબજારમાં ફરી જબરા ૧૨%નો વધારો જોત જોતામાં થયો હતો અને ૪ ટ્રીલીયન ડોલરનો માર્કેટ કેપ વધી ગયો હતો. આમ ટ્રમ્પનું આ વલણ ટીકાપાત્ર બન્યુ છે. વ્હાઈટ હાઉસના પુર્વ મેથીલ લોપર રીચાર્ડ પેઈનરે કહ્યુ કે, ટ્રમ્પને આ બધું ગમે છે. માર્કેટ પર તે કંટ્રોલ કરવા માંગે છે પણ સિક્યોરિટી કાનૂન આ પર ઈન્સાઈડર ટ્રેડીંગ ગણીને પ્રતિબંધ મુક્યા છે. ટ્રમ્પ



આ પ્રકારે પોષ્ટમાં અને ડીજેટી લખે છે તે પણ આ પોષ્ટમાં મુકયુ હતું. આ બાદ ટ્રમ્પની કંપની ટ્રમ્પ મીડીયા અને ટેકનોલોજી ગ્રુપના શેરના ભાવના ૨૨.૬૭% વધી ગયા. ટ્રમ્પ તેના ૫૩% હીસ્સો છે અને તેનો ફાયદો ટ્રમ્પજનીયના રોકાણમાં વધારો થઈને ૪૧૫ મિલિયનનો એક દિવસમાં વધારો થયો. ટ્રમ્પે અગાઉ ચીનને જવાબી ટેરીફ નાખવા સામે ચેતવણી આપી હતી પણ તેઓ ચીન સિવાયના દેશો પરના ટેરીફ હટાવી રહ્યા હોવાનો સંકેત આપ્યો ન હતો.

# કેન્દ્ર સરકાર ટુંક સમયમાં નવી ટોલ સિસ્ટમ દેશમાં લાગુ કરશે

■ વધતા જતા રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ટોલ જરૂરી: ગડકરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ટુંક સમયમાં નવી ટોલ સિસ્ટમ આખા દેશમાં લાગુ કરશે જેને કારણે ટોલ-ટેકસની રકમમાં ઘટાડો થશે. આગામી આઠથી ૧૦ દિવસમાં આ સંદર્ભમાં નવી જાહેરાત કરવામાં આવશે.

લોકોને રાહત આપવાના પગલા તરીકે અને ટોલની વ્યવસ્થા વધારે પડતી યુઝર-ફ્રેન્ડલી બનાવવાનાં ભાગરૂપે આ નવી સિસ્ટમ પર કામ



કરવામાં આવી રહ્યું છે.

ગડકરીએ જણાવ્યું હતું કે, હાલમાં રોજ પચ્ચીસથી વધારે કિલોમીટરનાં હાઈવે બાંધવામાં આવી રહ્યા છે અને આ લક્ષ્યાંક અમે રોજ ૧૦૦ કિલોમીટર સુધી લઈ જવા માગીએ છીએ.

વધતા જતા રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ટોલ જરૂરી છે. નવી ટોલપ્રણાલી વિશે ગડકરીએ જાણકારી આપી નહોતી પણ એવુ લાગી રહ્યું છે કે આ મહિનાના અંતમાં કે મે મહિનાથી કેન્દ્ર સરકાર સેટેલાઈટ આધારીત ટોલ-વ્યવસ્થા શરૂ કરશે.

૨૦૧૯-૨૦ માં ૨૭,૫૦૩ કરોડ રૂપિયાનો ટોલ એકઠો થયો હતો.

૨૦૨૩-૨૪ માં ટોલ-કલેકશન ૬૪,૮૦૯.૮૬ કરોડ રૂપિયા રહ્યું હતુંજે એના પહેલાનાં નાણાંકીય વર્ષ કરતા ૩૫ ટકા વધારે હતું.

# રાજયમાં નવા પ્રોજેકટોનાં રજીસ્ટ્રેશનમાં ૬ ટકાનો વધારો થયો

## રાજકોટમાં નવા ૧૫૭ પ્રોજેકટની રેરામાં નોંધણી થઈ; આગલા વર્ષમાં સંખ્યા ૧૭૧ ની હતી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતના રીયલ એસ્ટેટ ક્ષેત્રે કેટલાંક મહિનાઓથી મંદી છે અને સુચિત જંત્રીદર વધારા સહિતના કારણોસર હજુ ટુંકા ગાળામાં કોઈ ધમધમાટ આવી શકે તેમ ન હોવા છતાં નવા પ્રોજેકટોમાં વધારો જ થઈ રહ્યો છે. ગત નાણાંકીય વર્ષમાં નવા પ્રોજેકટોનાં રજીસ્ટ્રેશનમાં ૬ ટકાનો વધારો થયો છે.

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) દ્વારા જારી કરવામાં આવેલા વાર્ષિક રિપોર્ટમાં એમ જણાવાયું છે કે ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષમાં રાજયમાં ૧૯૨૩ પ્રોજેકટનું રજીસ્ટ્રેશન થયુ હતું જે આગલા વર્ષનાં ૧૭૧૩ ની સરખામણીએ ૬ ટકા વધુ હતું.

બિલ્ડર લોબીના સુત્રોએ કહ્યું કે, રીયલ એસ્ટેટમાં સ્લો ડાઉન છેલ્લા છ-આઠ મહિનાથી છે તે પુર્વે તો માર્કેટ ધમધમતુ જ હતું એટલે ગત નાણાં વર્ષનાં પ્રારંભિક મહિનાઓમાં નવા પ્રોજેકટોનાં રજીસ્ટ્રેશનનું પ્રમાણ વધુ હતું.આ સિવાય રાજયમાં જંત્રીદર વધારો થવાનો હોવાને કારણે પણ અનેક ડેવલપરોને તે લાગુ થયા પૂર્વે પ્લાનપાસ તથા રજીસ્ટ્રેશનની પ્રક્રિયામાં ઉતાવળ કરી હતી. રાજયના જુદા જુદા જીલ્લાઓમાં અલગ-અલગ કેટેગરીમાં ૨૦ નવા રજીસ્ટ્રેશનમાં વધારો હતો.ક્રેડાઈ ગુજરાતના ઉપપ્રમુખ વિરલ શાહે કહ્યું હતું કે, ભલે કેટલાંક મહિનાઓથી મંદી હોય છતા બીલ્ડરો ડેવલપરો તે ટુંકાગાળાની જ હોવાનું માને છે. ગત નાણાં વર્ષના પ્રથમ છ માસમાં નવા પ્રોજેકટનું લોન્ચીંગ વધુ હતું. નાણા વર્ષનાં અંતિમ ત્રિમાસીક ગાળામાં જ ડીમાંડમાં સ્લોડાઉન જણાયુ હતું. છતા નવા પ્રોજેકટ રજીસ્ટ્રેશન યથાવત રહ્યા છે. રાજયના એક ટોચના બિલ્ડરે



જણાવ્યું હતું કે, રાજય સરકારે જંત્રી વધારો જાહેર કર્યો છે.પરંતુ કેટલો અને ક્યારથી લાગુ થશે તેનું એલાન કર્યુ નથી. જંત્રી વધારાથી એફએસઆઈ ખર્ચનાં વધારામાંથી બચી શકાય તે માટે અનેક બિલ્ડરોએ પ્લાન તથા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરી લીધી છે. રાજયમાં ગત વર્ષમાં ૧૮૨૩ પ્રોજેકટનું રજીસ્ટ્રેશન થયુ હતું. રાજકોટમાં લાગે વળગે છ ત્યાં સુધી ગત વર્ષની સરખામણીએ નવા પ્રોજેકટ ઘટયા છે. ૨૦૨૩-૨૪ માં રાજકોટમાંથી ૧૭૧ પ્રોજેકટનુ રજીસ્ટ્રેશન હતું તે આ વખતે ૧૫૭ હતું. ૨૦૨૨-૨૩ માં આ સંખ્યા ૧૬૪ હતી જયારે ૨૦૨૧-૨૨ માં ૨૨૭ હતું. સુરત-વડોદરામાં પણ આગલા વર્ષની સરખામણીએ નવા પ્રોજેકટોનું રજીસ્ટ્રેશન ઘટયુ હતું. અમદાવાદમાં વધારો હતો.

# ટોલનાકા પર ઈ-મેમો ઈસ્યૂ થશે

## તમારા વાહનનો વીમો, પીયુસી કે ફિટનેસ નહીં હોય તો રજિસ્ટર્ડ મોબાઈલ પર મેમો આવી જશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સમગ્ર રાજ્યમાં હવે ટ્રાન્સપોર્ટ વાહનો માટે વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા ઈ ડિટેકશન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. જેમાં જો તમે રાજ્યના કોઈ પણ ટોલ પ્લાઝા પરથી પસાર થાવ છો તો હવે ફાસ્ટ ટેગની જેમ તમારા ટ્રાન્સપોર્ટ વાહનની માહિતી સર્વર સાથે કનેક્ટ થઈ હવે ઈન્સ્યોરન્સ, પીયુસી અને ફિટનેસ વગરનાં વાહનોને ઈ ડિટેક્શન દ્વારા સીધો ઈ મેમો જનરેટ કરવામાં આવશે. ત્યારે હવે રાજ્યભરમાં તમારું ટ્રાન્સપોર્ટ વાહન લઈને જાઓ છો તો ચેતી જજો. આગામી દિવસોમાં આ સિસ્ટમમાં ખાનગી વાહનોને પણ સમાવી લેવામાં આવશે.

ટોલ પ્લાઝા પર આ સિસ્ટમ કઈ રીતે કાર્યરત થશે અને નિયમના ભંગ બદલ તમારા સુધી ઈમેમો કઈ રીતે પહોંચશે અને કેટલો દંડ થશે તે તમામ માહિતીની આગળ વાત કરીએ. તાજેતરમાં જ વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા સમગ્ર ગુજરાતમાં ટ્રાન્સપોર્ટ વાહનો માટે ઈ ડિટેક્શન પ્રોજેક્ટની અમલવારી કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજ્યમાં જેટલાં પણ ટોલ પ્લાઝા આવેલાં છે, ત્યાંથી તમારું ટ્રાન્સપોર્ટ વાહન પસાર થઈ રહ્યું છે અને જો વાહનનો ઈન્સ્યોરન્સ, પીયુસી અને ફિટનેસ નથી, તો સીધું જ ઈ ડિટેક્શન ટોલ પ્લાઝા પર થશે અને તમારાં વાહનો ઈ મેમો જનરેટ થઈ જશે. ગઈઈ દ્વારા આ પ્રોજેક્ટ હેઠળ ઈ ડિટેક્શન અને વાહન એપ્લિકેશન સાથે




ઈન્ટિગ્રેટેડ કરવામાં આવી છે અને તેના દ્વારા આ ઈ ચલણ જનરેટ કરવામાં આવશે.વડોદરા સહિત રાજ્યભરના ૮૦થી વધુ ટોલ પ્લાઝા પર આ ઈ ડિટેક્શન મેમોની શરૂઆત થઈ ગઈ છે. રાહતની વાત એ છે કે આ માત્ર ટ્રાન્સપોર્ટ વાહનો માટે હાલમાં શરૂ કરાઈ છે. સમગ્ર રાજ્યમાં ટોલ પ્લાઝા પરથી પસાર થતાં ટ્રાન્સપોર્ટ વાહનો માટે ઈન્સ્યોરન્સ, પીયુસી અને ફિટનેસ હોય તો ટોલ પ્લાઝા પરથી વાહન પસાર થશે. ત્યારબાદ તેના ડેટાના આધારે ઈ મેમો ઈસ્યૂ કરવામાં આવશે. જે તે વાહનચાલકને વાહનમાં જે મોબાઈલ નંબર અપડેટ હશે તેના મોબાઈલ નંબર પર ટેક્સ મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે.

# ટાટા પ્રોજેક્ટના જોબ વર્કના બહાને વાંકાનેરના વેપારી સાથે સાઈબર ઠગાઈ

## ટેલીગ્રામ અને વોટ્સએપ મારફતે ઘરે બેઠા કમાણીની લાલચ આપી ૪૮ લાખથી વધુની છેતરપીંડી, મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા સહિત રાજ્ય પોલીસ દ્વારા સાયબર જાગૃતતા માટે અવાર નવાર કેટલાય અભિયાન ચલાવી સામાન્ય પ્રજાજનોમાં સાયબર જાગૃતિની સમજૂતી અને માર્ગદર્શન આપી ચેતવણી આપવામાં આવતી હોય છે કે, ઓનલાઈન પ્લેટફોર્મ પર આવેલી નોકરી અથવા રોકાણ સંબંધી લોભામણી ઓફરો અંગે વિધિવત તપાસ કર્યા વિના કોઈ પણ પ્રકારની નાણાકીય લેવડદેવડ ન કરવી, તો પણ સામાન્ય નાગરિકો/રોકાણકર્તા સાયબર ઠગોની વધુ નફો કમાવાની લોભામણી લાલચનો શિકાર બનતા હોય છે, ત્યારે આવા જ એક કિસ્સામાં વાકાંનેરના એક વેપારીને પટાટા પ્રોજેક્ટથ ના જોબ-વર્ક આપવાની લાલચ આપી ઓનલાઈન પ્લેટફોર્મ અને બેંક એકાઉન્ટો દ્વારા રૂ. ૪૮,૦૩,૮૮૫/- ની છેતરપીંડી કરવામાં આવી હતી. ફરીયાદના આધારે મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બીએનએસ તથા આઈ.ટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી જીલ્લાના વાકાંનેર તાલુકાના રસીકગઢ ગામે રહેતા મકબુલહુસૈનભાઈ અલીભાઈ માથકીયા ઉવ.૩૮ નામના એક ખેડૂત તથા વેપારીએ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ટેલીગ્રામ એપ ઉપર છફલફદશ૦૯૬૧૨૪૩૬ અને ઈીતઝ્ઞિળયર્ઈિફયિઊદ્વાયયિશક્ષભય નામના એકાઉન્ટ મારફતે ટાટા પ્રોજેક્ટના જોબ વર્કના બહાને આરોપીઓ તેમના સંપર્કમાં આવી તેઓની સાથે સાયબર છેતરપિંડી કરવામાં આવી છે. આરોપીઓએ મકબુલભાઈને ઘર બેઠા રોકાણ કરીને નફો કમાવાની લાલચ આપી તેમની સાથે વોટ્સએપ તેમજ અન્ય મોબાઈલ નંબરો અને યુ.પી.આઈ. આઈ.ડી.ઓ દ્વારા સતત સંપર્કમાં રહી અને તેઓ પાસેથી અલગ અલગ સમયે કુલ રૂ. ૪૮,૦૩,૮૮૫/- જેટલું રોકાણ કરાવ્યું હતું. જ્યારે મકબુલભાઈએ રોકાયેલ રકમ પાછી માંગતાં આરોપીઓએ ટેક્સ ભરવાનું બહાનું આપી વધુ પૈસા માંગ્યા અને આજ સુધી રોકાણ કરેલ રૂપિયા પરત આપ્યા નહીં.

સમગ્ર સાયબર ઠગાઈના કાંડમાં આરોપીઓએ ૨૯થી વધુ યુ.પી.આઈ. આઈ.ડી. તથા વિવિધ બેન્કોના ખાતા નંબરોનો ઉપયોગ કરી ષડયંત્ર કર્યું હતું.



ફરિયાદમાં જણાવ્યા મુજબ આ સમગ્ર ઘટના તા. ૨૯/૦૧/૨૦૨૫થી ૧૯/૦૨/૨૦૨૫ દરમિયાન વાકાંનેર તાલુકાના મોનાલી ચેમ્બર, અરબાબ એજન્સી નામની દુકાન ખાતે બની હતી. હાલ, સાયબર ક્રાઈમ પોલીસે બીએનએસ કલમ તથા આઈ.ટી એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ પીઆઈ કે.કે. દરબાર દ્વારા શરૂ કરવામાં આવી છે.

# ટંકારાના હરબટીયાળી નજીક હિટ એન્ડ રન અકસ્માતમાં બાઈક સવાર પુત્રની નજર સમક્ષ માતાનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારાના હરબટીયાળી ગામ નજીક હિટ એન રન અકસ્માતના બનાવમાં નંબર પ્લેટ વગરના ડમ્પરના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં ચલાવી આગળ જઈ રહેલા બાઈકને ટક્કર મારતા, બાઈક સવાર માતા-પુત્ર રોડ ઉપર પટકાયા હતા, જેમાં ડમ્પરનું તોતિંગ વ્હીલ મહિલાના માથા ઉપર ફરી વળતા, પુત્રની નજર સમક્ષ માતાનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માત સર્જી ડમ્પર ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી ભાગી ગયો હતો, જે ડમ્પરને ટંકારા ખાતે રોકવા પ્રયત્ન કરેલ ત્યાંથી પણ તે રોકાયો ન હતો. હાલ બાઈક ચાલકની ફરિયાદને આધારે ટંકારા પોલીસે નંબર પ્લેટ વગરના ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિટ એન રન અકસ્માતના બનાવની મળતી માહિતી અનુસાર, મૂળ પડધરી તાલુકાબ ફતેપુર ગામના વતની હાલ રહે. રાજકોટ-મોરબી હાઈવે જબલપુર ગામના પાટીયા નજીક ઝૂંપડામાં રહેતા વિપુલભાઈ કરશનભાઈ જુંજા ઉવ.૨૬ ગઈ તા.૦૭/૦૪ ના રોજ પોતાના મામાને ત્યાં માતાજીના માંડવાનો પ્રસંગ હોય , ત્યાં બપોરના જમીને વિપુલભાઈ અને તેમની માતા ખીમીબેન મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એજે-૨૬૦૯ લઈને પરત આવતા હોય ત્યારે, હરબટીયાળી ગામની સહકારી મંડળી નજીક વળાંકમાં પાછળથી આવતા નંબર પ્લેટ વિનાનું ડમ્પર કે જેની આગળ પરાધે શ્યામથ લાગેલું હોય તેણે આગળના વાહનનો ઓવરટેક કરવા જતાં, ડમ્પર વિપુલભાઈના બાઈકને અડી જતા, વિપુલભાઈએ બાઈક ઉપર કાબુ ગુમાવ્યો હતો, જેથી બંને માતા-પુત્ર રોડ ઉપર પડી ગયા હતા, જે દરમિયાન ખીમીબેનના માથા ઉપર ઉપરોક્ત ડમ્પરનું વ્હીલ ફરી જતા, તેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું, ત્યારે અકસ્માત સર્જી ડમ્પર ચાલક પોતાનું વાહન સ્થળ ઉપરથી હંકારી જઈ નાસી ગયો હતો. હાલ અકસ્માતમાં મૃત્યુ અંગેની ફરિયાદ વિપુલભાઈ દ્વારા ટંકારા પોલીસ મથકમાં નોંધાવતા, પોલુસે અજાણ્યા ડમ્પરના આરોપી ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી, તેને પકડી લેવા અલગ અલગ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાંથી ૮૦૦ કિલોગ્રામ ઘાસ જપ્ત



જામનગર મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા દ્વારા છેલ્લા કેટલાક દિવસથી સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૮૦૦ કિલો ઘાસનો જથ્થો જપ્તીમાં લેવાયો હતો. ત્યારે ગેરકાયદે લટકતા જાહેરાતના ૪૦૦ જેટલા પાટીયા ઉતારી લેવામાં આવ્યા હતાં. જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદી તથા નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાની સૂચનાથી કેટલ પોલીસીની કડક અમલાવારી કરવામાં આવી રહી છે. અને ગેરકાયદે રીતે ઘાસચારો વેચનારા સામે કડક કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત એસ્ટેટ શાખાની અમુક ટીમોએ શહેરના વીજપોલમાં ગેરકાયદે લટકાયેલા જાહેરાતના પાટીયા ઉતારવાની કામગીરી કરી હતી. આજે એસ્ટેટ શાખાની ટુકડીએ અલગ અલગ પાંચ વિક્રેતાને ત્યાંથી ઘાસનો ૮૦૦ કિલો જથ્થો જપ્ત કર્યો હતો. અને મહાનગર પાલિકાના ઢોરનાં ડબ્બામાં મોકલવામાં આવ્યો હતો. અને આશરે ૪૦૦ જેટલા જાહેરાતના કિઓસ્ક બોર્ડ ઉતરાવી લીધા હતાં. એસ.ટી. રોડ, ખોડીયાર કોલોની, હીરજી મીસ્ત્રી રોડ, રણજીતનગર, સાત રસ્તા વગેરે વિસ્તારોમાં આ કામગીરી કરવામાં આવી હતી. હજુ આગામી દિવસોમાં પણ આવી કામગીરી યથાવત ચાલુ રહેશે.

# જામનગરમાં મહાવીર જન્મકલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી

## તમામ જૈન સંઘો એકસાથે જોડાયા, ચાંદી બજારથી પેલેસ જીનાલય સુધી રથયાત્રા નીકળી





જૈન ધર્મના ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૩માં જન્મકલ્યાણક મહોત્સવની જામનગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શહેરમાં વિશેષ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રથમ વખત, જામનગરના તમામ જૈન સંઘો - શ્વેતાંબર, મૂર્તિપૂજક, દેરાવાસી અને સ્થાનકવાસી એક સાથે જોડાયા. રથયાત્રાની શરૂઆત ચાંદી બજારથી થઈ. યાત્રા બેડી ગેઈટ સહિતના વિવિધ માર્ગો પરથી પસાર થઈને પેલેસ સ્થિત મહાવીર સ્વામીના મૂળ જીનાલયમાં સંપન્ન થઈ. કાર્યક્રમમાં વિશાશ્રી શ્રીમાળીના પ્રમુખ ભરતભાઈ, પેલેસ જૈન સંઘના મહેશભાઈ, જૈન સમાજના વિજયભાઈ શેઠ, દેવબાગ જૈન સંઘના નિલેશભાઈ અને જૈન અગ્રણી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા અને હાલારી વિશાશ્રી માળી સ્થાનકવાસી સમાજના પ્રમુખ પણ કાર્યક્રમમાં જોડાયા. રથયાત્રા બાદ જીનાલયમાં તમામ જૈન ભાવિકો માટે સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક આયોજનમાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો જોડાયા હતા.

# મોરબીમાં મગજની બીમારીથી કંટાળી પરિણીતાએ જિંદગીનો અંત આણ્યો



મોરબી શહેરમાં 30 વર્ષીય પરિણીતાએ મગજની બીમારી સબબ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે, જે અપમૃત્યુના બનાવની મળતી વિગતો અનુસાર, શહેરના રવાપર-ઘુનડા રોડ ઉપર ગૌરી પાર્ક સોસાયટી, મા હાઈટ્સ રૂમ નં.૩૦૨ માં રહેતા નીરાલીબેન વિશાલભાઈ દીનેશભાઈ સવસાણી ઉવ.30 છેલ્લા છ વર્ષથી મગજની બીમારી પવિચાર વાયુથી પીડાતા હોય. જે બીમારી સબબ કંટાળી જઈ ગઈકાલ તા.૦૯/૦૪ના રોજ પોતે પોતાની જાતે રહેણાક ફ્લેટના રૂમમાં છત સાથે પંખામાં ચુંદડી બાંધી ગળાફાસો ખાઈ લીધો હતો. જે બાદ ૧૦૮ મારફત નીરાલીબેનને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા, ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી નીરાલીબેનને મૃત જાહેર કર્યા હતા, હાલ સીટી એ ડિવિઝન પોલીસે આપઘાતના બનાવની મૃતકના પતિ વિશાલભાઈ દીનેશભાઈ સવસાણી પાસેથી પ્રાથમિક વિગતો મેળવી, મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબી મનપા દ્વારા અગ્નિશમન જાગૃતિ સપ્તાહની સફળ ઉજવણી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા તા.૩૧ માર્ચથી ૭ એપ્રિલ દરમિયાન ફાયર પ્રિવેન્શન અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાનમાં પાંચ શાળાના ૫૩૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અગ્નિ સુરક્ષા તાલીમ આપવામાં આવી હતી, તેમજ સ્કૂલોનું ફાયર સેફટી ચેકિંગ કરીને જરૂરી સૂચનાઓ અને આ દરમિયાન થયેલ આગના બનાવો અને કેમિકલ સ્પીલેજ જેવી પરિસ્થિતિઓમાં સફળ કામગીરી બદલ ફાયર સ્ટાફને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાના અગ્નિશમન શાખા દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં તા. ૩૧/૦૩ થી ૦૭/૦૪ દરમ્યાન ફાયર જાગૃતિ સપ્તાહ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. મોરબી મનપા કમિશનરના આદેશ અનુસાર ટોટલ પાંચ શાળામાં ૫૩૦ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને અગ્નિશમન તાલીમ આપવામાં આવી હતી. સાથે જ શાળાઓનું ફાયર સેફટી સર્ટિફિકેટ ચેક કરવામાં આવ્યું અને જેમણે ફાયર એનઓસી લીધું નહોતું એવી શાળાઓને નોટિસ પાઠવી, જરૂરી સૂચનો આપવામાં આવી હતી. અગ્નિ સુરક્ષા અભિયાનના ભાગરૂપે જીલ્લામાં ૧૫ આગના બનાવો સામે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. એક કેસમાં મૃતદેહના રેસ્ક્યુ કામગીરી કરવામાં આવી હતી અને એક એચસીએલ કેમિકલ ઢોળાઈ અને પથરાઈ ગયું હોવાના કોલમાં ફાયર સ્ટાફે ઝડપી અને સફળ કામગીરી કરી હતી.

આ સિવાય તા.૮ એપ્રિલના રોજ પરશુરામ પોટરી ગ્રાઉન્ડ ખાતે મનપા કમિશનર અને ડેપ્યુટી કમિશનરની ઉપસ્થિતિમાં ફાયર હાયડ્રન્ટ ડ્રીલ યોજાઈ હતી. બંને અધિકારીઓએ આ ડ્રિલમાં ભાગ લીધો હતો, અને એચસીએલ કેમિકલ સ્પીલેજ જેવી ગંભીર પરિસ્થિતિમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ફાયર સ્ટાફના જવાનોને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા જેમાં સરવૈયા દિગ્પાલસિંહ, મેટાલિયા હિતેશભાઈ, ગોહિલ મહેન્દ્રભાઈ, જાડેજા ભાગ્યરાજસિંહ, ભટ્ટ કિશનભાઈ, ચાવડા રીતેશભાઈ, નગવાડિયા પ્રિતેશભાઈ તથા બાવળિયા વિમલભાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વધુમાં ફાયર ટ્રેનિંગ અને ફાયર પ્રિવેન્શનનો મુખ્ય ઉદેશ્ય મોરબી મહાનગરપાલિકામાં આવેલ હોસ્પિટલ/સ્કુલ અને અન્ય બિલ્ડીંગોમાં ફાયર સેફટી વિષે માહિતગાર કરવા, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા તેમજ કોઈ પણ ઈમરજન્સી વખતે તાત્કાલિક ધોરણે અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના અથવા કોઈ જાન-હાનિ કે પછી કોઈ મોટી આપદાને નિવારી શકાય અને જાન-માલને બચાવી શકાય. આવી કોઈ દુર્ઘટના થયે આપ મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરી શકો છો તેમ યાદીમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લાના વિવિધ એસ.ટી.ડેપો ખાતે વિનામૂલ્યે છાસ વિતરણ



હાલ ગરમીના કારણે જિલ્લાના જામનગર એસ.ટી.ડેપો તથા અન્ય તાલુકા કક્ષાના બસ સ્ટેશન ખાતેથી આવાગમન કરતા મુસાફરોને રાહત મળે તેમજ કોઈ મુસાફરને લૂ ની અસર ન થાય તે હેતુથી એસ.ટી.વિભાગ જામનગરના વિભાગીય નિયામક .બી.સી.જાડેજાના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાના વિવિધ એસ.ટી. ડેપો ખાતે વિનામૂલ્યે છાસ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં એસ.ટી.વિભાગના કર્મચારીઓ તથા એસ.ટી. કેન્ટીનનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.અસહ્ય ગરમીમાં આ પ્રકારના આયોજન બદલ મુસાફરોએ પણ એસ.ટી. વિભાગની આ નવતર પહેલે આવકારી સંતોષ વ્યક્ત કર્યો છે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં જિલ્લાના લોકોને લૂ થી રક્ષણ મળે અને તેઓ સલામત રહે તે માટે જિલ્લાના વિવિધ વિભાગોને સૂચના અપાઈ હતી જેના અનુસંધાને જામનગર એસ.ટી.વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરી મુસાફરોને ગરમીથી રાહત આપતા છાસ વિતરણના નવતર કાર્યક્રમનું આયોજન ઘડી કાઢ્યું છે અને આગામી સમયમાં પણ આ કાર્યક્રમ શરૂ રખાશે તેમ જણાવ્યું છે.

# રણજીતસાગરમાંથી માનવ કંકાલ મળ્યો

## અવશેષોને એફએસએલમાં મોકલાયા



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા રણજીતસાગર ડેમમાંથી માનવ કંકાલના અવશેષો મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટનાની જાણ થતા જ પોલીસ અને એફએસએલ દોડી ગયું હતું. હવે આ માનવ કંકાલને કોઈએ દફનવિધિ કરી કે તાંત્રિક વિદ્યા માટે ઉપયોગ કર્યો તે સહિતની દિશામાં પોલીસે તપાસ હાથ ધરી માનવ કંકાલને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

જામનગર સહિત જિલ્લાભરમાં ચકચાર મચાવતી ઘટના ગત રાત્રે પ્રકાશમાં આવી છે. જામનગરના સમાણા તરફ જવાનાં માર્ગ પર આવેલ પુલ નજીક રણજીતસાગર ડેમના ભાગમાંથી માનવ કંકાલ મળી આવ્યુ હતું.

ખોપડી સહિતનાં અવશેષ જોવા મળતા લોકોન ટોળે ટોળા એકઠા થયા હતા અને આ મામલે જાણ કરતાની સાથે જ પંચકોશિ બી ડિવિજન પોલીસ કાફલો દોડી ગયો હતો.

જ્યાં અવશેષો એકત્ર કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. કોઈ વ્યકિતની લાશ દફનાવવામાં આવી છે કે તાંત્રિક વિધિ કરાય છે તે સહિતની દિશામાં પોલીસ દ્વારા હાલ ફોરેન્સિક તપાસ આદરવામાં આવી છે અને તેનો રિપોર્ટ આવ્યા બાદ સત્તાવાર વિગતો સામે આવી શકે છે. જોકે હાલ તો માનવ કંકાલને લઈને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરાઈ છે.

# હિટવેવની પરિસ્થતિને અનુલક્ષીને દરેક બી.આર.ટી.એસ. બસ શેલ્ટર ખાતે તાત્કાલિક ધોરણે કુલરની વ્યવસ્થા કરવામાં આવી

## મુસાફરી કરતા નાગરિકોને કાળઝાળ ગરમીથી રક્ષણ મળે તે માટે જયમીનભાઇ ઠાકરનો સંવેદનશિલ નિર્ણય

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરી બસ સર્વિસ તથા બી.આર.ટી.એસ. બસ સર્વિસનુ સંચાલન કરીને રાજકોટ શહેરના લાખો નાગરિકોને જાહેર પરિવહનની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે.

રાજકોટ શહેરી વિસ્તારમાં સીટી બસ સેવા સાથે કનેક્ટીવીટીની સુવિધા પુરી પાડવા માટે બી.આર.ટી.એસ. બસ સેવા અંતર્ગત રાજકોટ શહેરમાં મુખ્ય માર્ગો સાથે કનેક્ટીવીટી માટે શહેરના ૧૫૦ રીંગ રોડ પર બી.આર.ટી.એસ. (બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ) અંતર્ગત માધાપર ચોકડીથી શરૂ કરી ગોંડલ રોડ ચોકડી સુધી બી.આર.ટી.એસ. બસોને દોડવા માટે રોડની વચ્ચે ખાસ ટ્રેક બનાવેલ છે.

આર.આર.એલ. તરફથી પ્રાપ્ત વિગતો મુજબ આ ટ્રેક પર ચાલતી બસો મારફત મુસાફરી કરતા પ્રતિદિવસ ૨૧,૦૦૦ થી પણ વધુ નાગરિકો આ પરિવહન સેવાનો લાભ મેળવી રહ્યા છે, જેમાં વરિષ્ઠ નાગરીકો, વિદ્યાર્થીઓ, શ્રમિકો સહિતના નાગરિકોનો સમાવેશ થાય છે. આબાલવૃધ્ધો દ્વારા આ બહોળી સંખ્યામાં થતા ઉપયોગને અનુલક્ષીને કુલ ૨૮ ઈલેક્ટ્રીક બસો દ્વારા દૈનિક કુલ ૪૪૧ ટ્રીપ કરવામાં આવી રહી છે.

અલગ-અલગ વિસ્તારમાંથી આવતા જતાં નાગરિકોની સુવિધા માટે ગોંડલ ચોકડીથી શરૂ થઇ માધાપર ચોકડી સુધીના આશરે ૧૧ કિ.મી. લંબાઈ ધરાવતા બી.આર.ટી.એસ. ટ્રેક પર મુખ્ય ચોકથી નજીકમાં જુદા-જુદા કુલ ૧૯ પીક-અપ અને ડ્રોપ પોઈન્ટ તરીકે સ્ટોપેજ માટે તેમજ નાગરિકોને બેસવા માટે વેઈટીંગ એરીયા તથા ટીકેટીંગ વિન્ડો સાથે નીચે મુજબના બી.આર.ટી.એસ. શેલ્ટર આવેલ છે. ૧) ગોંડલ ચોક ૨) પુનિત નગર ૩) ગોવર્ધન ચોક ૪) આંબેડકર ચોક ૫) ઉમીયા ચોક ૬) મવડી ચોક ૭) મહાપુજા ધામ ચોક ૮) ઓમનગર ૯) નાના મવા ચોક ૧૦) વેસ્ટ ઝોન ઓફિસ ચોક ૧૧) કે.કે.વી. ચોક ૧૨) ઈન્દિરા સર્કલ ૧૩) રૈયા ટેલિ. એક્સચેન્જ ૧૪) રૈયા ચોક ૧૫) નાણાવટી ચોક ૧૬) રામદેવપીર ચોક ૧૭) શિતલ પાર્ક ૧૮) અયોધ્યા ચોક ૧૯) માધાપર ચોક

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના રાજકોટ રાજપથ લિ. સંચાલિત જાહેર પરિવહન સેવાને પોત્સા ન મળી રહે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા થકી પર્યાવરણને ચોક્કસપણે ફાય મ આ લોકભોગ્ય યોજનાનો લાભ બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરીકો, વિદ્યાર્થીઓ, શ્રમિકો સહિતના નાગરિકો લઈ રહ્યા છે, જેમાં સીનીયર સીટીઝનો અને



દિવ્યાંગો સહિતની જુદી-જુદી કેટેગરી માટે ગત વર્ષથી ફ્રી મુસાફરી યોજના અમલી બનાવેલ છે.

આ જ પ્રકારે નાગરિકોની સુવિધા માટે રાજકોટ મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરી ખાતે આવેલ સીવીક સેન્ટર અને આધાર કેન્દ્ર ખાતે બહોળી સંખ્યામાં આવતા અરજદારોને તડકાથી રક્ષણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

માટે તાજેતરમાંજ શેડ અને બેસવા માટે બાંકડા સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે, એ પણ અત્રે ઉલ્લેખનીય છે. વધુમાં લાંબી કતારથી મુક્તિ માટે બજેટ યોજના અંતર્ગત ૧૮ નવા આધાર નોંધણી કેન્દ્રો પણ તાજેતરમાં કાર્યરત કરવામાં આવેલ છે.

એ.સી. ઈલેકટ્રીક બસમાં મુસાફરી દરમ્યાન ગરમીથી રાહત વચ્ચે બી.આર.ટી.એસ. ટ્રેક પર બસ આવવાની રાહ જોઈ રહેલ તમામ મુસાફરોને હાલની હિટવેવ જેવી પરિસ્થિતિમાં ગરમીથી રક્ષણ મળી રહે તેવા ઉમદા આશયથી સ્ટે.કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર એ ઉપરોકત તમામ ૧૯ બી.આર.ટી.એસ. શેલ્ટર (બસ સ્ટોપ) ખાતે બે-બે મળી કુલ ૩૮ કુલરની વ્યવસ્થા તાત્કાલિક કરાવી, ફરી એક વખત તેમની નાગરિકો પ્રત્યેની સંવેદનશિલતા સાથે ત્વરિત નિર્ણયશક્તિનો પરિચય કરાવેલ છે.

# ત્રિશલાનંદન વીર પ્રભુના જન્મના વધામણાઃ રાજકોટમાં નીકળી ધર્મયાત્રા






(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે જૈનોના ૨૪માં તીર્થંકર ભગવંત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છમાં સમસ્ત જૈન સમાજ દ્વારા ઉજવણી થઇ રહી છે. સવારના ઠેર ઠેર ધર્મયાત્રા, ધર્મસભા તથા સ્વામિ વાત્સલ્ય સંઘ જમણના આયોજનો કરાયા છે. જૈન સંસ્થાઓ દ્વારા ભકિત સંગીતના કાર્યક્રમો તથા ભગવાન મહાવીર સ્વામી જે જે જિનાલયોમાં મુળનાયક તરીકે બિરાજમાન છે ત્યાં ભવ્યાતિત આંગીના આયોજનો કરાયા છે. સમસ્ત જૈન સમાજ આજે પ્રભુ વીરનું જન્મ કલ્યાણક ઉમંગભેર અને ધર્મોલ્લાસ સાથે ઉજવી રહ્યું છે. રાજકોટમાં સમસ્ત જૈન સમાજ દ્વારા આજે સવારે ધર્મયાત્રા વિવિધ માર્ગો પરથી પસાર થઇને વિરાણી પૌષધશાળા ખાતે ધર્મયાત્રામાં પરિવર્તિત થઇ હતી. આ ધર્મ યાત્રામાં જય જય મહાવીરના ગગનભેદી નારા ગુંજી ઉઠ્યા હતા બપોરના સમસ્ત જૈન સમાજના ભાઇ–બહેનો માટે સ્વામિવાત્સલ્ય સંઘ જમણનું આયોજન કરવામાં આવેલ.જૈન વિઝન દ્વારા આજે રાત્રે પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ ખાતે ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર દ્વારા ભગવાન મહાવીરની જન્મ જયંતી નિમિતે યોજાયેલ શોભાયાત્રાના વધામણા કરાયા





રાજકોટ ખાતે ભગવાન મહાવીરની જન્મ જયંતીની રંગે ચંગે ઉજવણી કરવામાં આવેલ. આ તકે શહેરમાં વિશાળ શોભાયાત્રા યોજાયેલ હતી. જેમાં શ્રધ્ધાળુઓ, મુની ભગવંતો, શ્રાવકો હર્ષ–ઉલ્લાસથી જોડાયેલ. આ પ્રસંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદમંત્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્ય નિલેશભાઈ ભલાણી, રાજેશભાઈ જુંજા, સત્યેનભાઈ પટેલ દ્વારા ભગવાન મહાવીર ની યોજાયેલ વિશાળ શોભાયાત્રાનું ઉત્સાહ પુર્વક હર વર્ષની જેમ અભિવાદન કરવામાં આવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## એક ભારત, શ્રેષ્ઠ ભારતના ઉદ્દેશ્યને સાકાર કરતા માધવપુર ઘેડના મેળામાં ગુજરાતના અને અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ સહભાગી બન્યાં

**મુખ્ય સમાચાર,પોરબંદર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાયક એક ભારત, શ્રેષ્ઠ ભારતના ઉદ્દેશ્યને સાકાર કરતા માધવપુર ઘેડના મેળામાં ભગવાન શ્રી કૃષ્ણના લગ્નના દિવસે સહભાગી બન્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંઘ શેખાવતની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ મહાનુભાવોએ ભારતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતા ઉત્તર પૂર્વીય રાજ્ય અને ગુજરાતના ૧૬૦૦ કલાકારોએ એક સાથે પ્રસ્તુતિ આપતા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળ્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ સાથે આ માધવપુરના મેળાનો ૨૦૧૮માં ભવ્યતા સાથે પ્રારંભ કરાવ્યો હતો, તે આજે નિશ્ચિતરૂપથી આંતરરાષ્ટ્રીય મેળો બનવા તરફ આગળ વધી રહ્યો છે, આ મેળો માત્ર મનોરંજન પુરતો સીમિત નથી પરંતુ ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય સ્વરૂપ અને ગીતા જ્ઞાનમાંથી માનવ જીવનને સાર્થક બનાવવા માટે પ્રેરણા આપે છે. આ મેળો ભવ્ય સાંસ્કૃતિક વિરાસતને આવનારી પેઢી અને પોતાના માટે સંવર્ધન કરવા માટે સંકલ્પ કરવાનો પણ અવસર છે. રાજ્યપાલએ સગૌરવ એમ પણ કહ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરામ આપણી સંસ્કૃતિ જ્યોતિર્ધર છે અને દેશને મર્યાદા પુરુષોત્તમ રામ અને કૃષ્ણ જેવા યોગી સંતાનો મળે તે રાષ્ટ્રની સૌથી મોટી પુંજી છે અને ભાવિ પેઢી સંસ્કારવાન ઉપરાંત સંસ્કૃતિ સભ્યતા, પરંપરાથી અને જોડાયેલી હશે તો ઘર પરિવાર, સમાજ અને રાષ્ટ્ર મજબૂત અને શ્રેષ્ઠ બનશે. નરેન્દ્ર ભાઈ મોદીએ આ માધવપુરનો વિશાળ ફલક આપીને અતીત ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતથી લોકોને જોડવા માટેનો પણ આ મેળો માધ્યમ બન્યો છે. તેમણે આપણી સંસ્કૃતિના વાહકરૂપ પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ



કરવા માટે પણ પ્રેરણા પૂરી પાડી હતી. આઝાદી કાળે ભારત વિખૂટુ અને વિખરાયેલું હતું, તેને ગુજરાતની પાવન ધરાના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એક તાતણે બાંધી દેશને અખંડ બનાવ્યો હતો. તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ અને સેવાનિવૃત લેફ્ટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાયકે જણાવ્યું હતું કે, ભગવાનશ્રી કૃષ્ણ અને માતા રુકમણીજીના વિવાહ પર્વમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે મારા માટે ગૌરવની વાત છે. માધવપુરનો મેળો ધાર્મિક, સાહિત્યિક અને જનજાતિ પરંપરાનું મિશ્રણ છે, જે ભગવાન શ્રીકૃષ્ણ અને દેવી રુકમણીજીના પ્રેમ અને સાંસ્કૃતિક એકતાનું પ્રમાણ છે. આ પહેલ એક ભારત શ્રેષ્ઠ ભારતના આદર્શને ઉજાગર કરે છે. દર વર્ષે યોજાતો આ મેળો આપસમાં પ્રેમ અને સદભાવના સાથે યોજાય છે.

## મહાવીર જન્મ જયંતિ નીમીતે નીકળેલી શોભાયાત્રાનું ભાવભીનું સ્વાગત કરતી કોંગ્રેસ સમિતિ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ૨૬૨૩ ના જન્મ જયંતી નિમિત્તે જન્મ દિવસ છે. જૈન ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ છે આ દિવસે ધર્મના ચોવીસ માં તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હોવાથી આ દિવસ મહાવીર જન્મ જયંતિ તરીકે મનાવવામાં આવે છે. મહાવીર સ્વામી જન્મ જયંતી અંતર્ગત રાજકોટમાં જૈનમ અને સમગ્ર જૈન સમાજ દ્વારા વિશાળ શોભાયાત્રા નીકળેલ હોય તે શોભાયાત્રા નું ફુલછાબ ચોક ખાતે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય ભાવભીનું સ્વાગત કરાયું હતું અને જૈન ધર્મ ભાઈઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આજના સ્વાગત ના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, જાણીતા ન્યુરો સર્જન ડોક્ટર હેમાંગ વસાવડા, ભાવેશભાઈ બોરીચા, મયુરભાઈ શાહ, જલ્પેશભાઈ વાઘેલા, જયંતીભાઈ હિરપરા, જીતુભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ બાલાજી હનુમાનજી મંદિરે હનુમાન જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ વાસીઓની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર એટલે શ્રી બાલાજી હનુમાનજી મંદિર ,જ્યાં મહાપ્રતાપી બાલાજી દાદા હાજરાહજૂર બિરાજમાન છે તેમના દિવ્ય અલૌકિક સાનિધ્યમાં હનુમાન જયંતીના પવિત્ર દિવસે ૧૨ એપ્રિલને શનિવારના રોજ મંદિરના કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાના જન્મોત્સવની આનંદ અને ઉલ્લાસ તેમજ આતશબાજી સાથે ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી થવાની છે.

ત્યારે સવારે ૫.૩૦ કલાકે મંગળા આરતી , ૬.૪૫ કલાકે શૃંગાર દર્શન , સવારે ૮.૩૦ કલાકે ૧૦૮ કુંડી મહા મારૂતિ યજ્ઞ , સવારે ૧૦.૩૦ કલાકે અન્નકૂટ દર્શન , સવારે ૧૧.૧૫ કલાકે દાદાના દિવ્ય દરબારમાં ઢોલ નગારા સંગાથે વાજતે ગાજતે શ્રી ધજાજી આરોહણ ઉત્સવ , રાજભોગ આરતી તથા જન્મોત્સવ બપોરે ૧૨ કલાકે ,સંધ્યા આરતી સાંજે ૭ કલાકે તથા



આખો દિવસ દાદાના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કોઠારી વયોવૃદ્ધ પૂ.હરીચરણદાસજી સ્વામી (બાપુ સ્વામી ) સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી , પૂજારી પૂ.ભક્તવત્સલદાસજી સ્વામી , પૂ.આત્મજીવન સ્વામી , પૂ.ધર્મપ્રકાશ સ્વામી , કાંતિ ભગત સહિતના સંતો મહંતોની પાવન ઉપસ્થિતિ રહેશે.

આ પાવન પ્રસંગે દાદાના દિવ્ય દર્શન , આરતી , અન્નકૂટ દર્શન , ધ્વજારોહણ , જન્મોત્સવ તથા મહાપ્રસાદનો લાભ લેવા પરિવાર સાથે પધારવા મંદિરના કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની યાદીમાં જણાવાયું છે.

## ઉનાળામાં ઠંડા પીણાં–બરફના ગોલા, છાશ, ફ્રુટ જ્યુસ, શેઈક, શેરડીના રસના સેવન પહેલાં આટલી સાવધાની રાખો

**આલેખનઃ સંદીપ કાનાણી**

ઉનાળામાં આકરી ગરમી અને હીટવેવની અસરોથી બચવા લોકો ઠંડા પીણાં, છાશ, બરફના ગોળા, વિવિધ ફ્રુટ્સના જ્યૂસ અને શેઈક વગેરેનો ઉપયોગ કરતા હોય છે. તેનાથી ગરમી સામે રક્ષણ પણ મળે છે, પરંતુ આ પદાર્થોના સેવનમાં કેટલીક પ્રાથમિક સાવધાની રાખવી પણ જરૂરી છે. જો દૂષિત પાણીવાળા બરફ કે તેની બનાવટો, વાસી પદાર્થો, અતિ ખાટી છાશ, દૂધની વાસી બનાવટો વગેરે લેવામાં આવે તો આરોગ્ય બગડી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડોક્ટર જયેશ વકાણીએ જણાવ્યું હતું કે, ઉનાળાની સીઝનમાં ગરમી વધુ પડતી હોવાથી ફંગસ બેક્ટેરિયાની ઝડપી વૃદ્ધિના કારણે ખોરાક–ખાદ્ય પદાર્થો બગડવાની પ્રક્રિયા વધુ ઝડપી બની જાય છે. આથી કોઈ પણ પ્રકારનો વાસી ખોરાક ખાવાનું ટાળવું જોઈએ.

તેમણે કહ્યું હતું કે, દૂષિત (કન્ટેમિનેટેડ) બેક્ટેરિયાવાળા પાણી કે બરફથી બનેલા, સરબત, જ્યુસ, ગોલા, ગુલ્ફી, પેપ્સીકોલા ખાવાથી ઝાડા–ઉલટી, પેટમાં ચૂંક, મરડો, દેશી કમળો, ટાઈફોઈડ વગેરે બીમારીઓ થઈ શકે છે. આથી શુદ્ધ, ટ્રીટેડ કે આર.ઓ. પાણી અને તેમાંથી બનેલા બરફના પદાર્થોનું સેવન કરવું જોઈએ.

ઘણી વાર શેરડીનો રસ પડતર કે વાસી હોય છે. લોકો ઘણી વાર રસ પાર્સલ કરાવીને ફ્રીઝમાં રાખતા હોય છે. જે હિતાવહ નથી. ક્યારેક શેરડીના રસમાં દૂષિત પાણીવાળો બરફ આવી ગયો હોય તો, આવો રસ પીવાથી પણ પેટની તકલીફો થઈ શકે છે. આથી શેરડીનો રસ અને ફ્રૂટના જ્યૂસ તાજા જ પીવા જોઈએ. વાસી કે ૩–૪ કલાક પડી રહેલા ફ્રૂટ જ્યૂસનું સેવન ટાળવું. વાસી જ્યૂસ પેટની તકલીફો નોતરી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે, હવે ફ્રોઝન ડેઝર્ટ, આઈસક્રીમ કે ગુલ્ફીમાં પામ ઓઈલનો ઉપયોગ થતો જોવા મળે છે. આવા પામ ઓઈલવાળા ડેઝર્ટ, પદાર્થોમાં કન્ટેમિનેશન જલ્દી થતું હોય છે. આથી તેનું સેવન ટાળવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, નાળીયેર પાણી પોટેશિયમ, મેગ્નેશિયમ, ઝીંકથી ભરપૂર હોય છે. તે ૨૪ કલાક બગડતું નથી. આથી તેનો પૂરતી માત્રામાં ઉપયોગ કરવો જોઈએ.

ઉનાળામાં છાશ–લસ્સીનું પૂરતી માત્રામાં સેવન કરવું જોઈએ. પણ જો છાશ કે લસ્સી અતિશય ખાટી લાગે, વાસ આવતી હોય કે સ્વાદ બદલાયેલો લાગે તો, આવી બગડી ગયેલી છાશ–લસ્સીનું સેવન ન કરવું જોઈએ. બને તો પેક્ડ છાશ કે લસ્સી યૂઝ બાય ડેટ જોઈને વાપરવા.

તેમણે કહ્યું હતું કે, ઉનાળાની ગરમીમાં દૂધ અને તેની બનાવટો પણ જલ્દી બગડતી હોય છે. લગ્નપ્રસંગમાં દૂધની બનાવટો પીરસાતી હોય છે. આ દૂધની બનાવટોને બને તો બે થી આઠ ડિગ્રી ઠંડા તાપમાન અથવા તો સામાન્ય રૂમ ટેમ્પરેચર ૨૨ થી ૨૪ ડિગ્રી ઠંડકવાળા રૂમમાં રાખવી. દૂધની બગડેલી મિઠાઈ કે વાનગીથી ફૂડ પોઈઝન પણ થઈ શકે છે.

બરફના ગોળા અંગે તેમણે કહ્યું હતું કે, શુદ્ધ, ટ્રીટેડ આર.ઓ. પાણીથી બનેલા બરફના ગોળાથી નુકસાન નથી.

**MUKHYA SAMACHAR DAILY EVENING)**

**The Registration of News (Central) Rules, 1956**

**Statement about ownership and other particulars about Newspaper MUKHYA SAMACHAR DAILY EVENING Gujarati to be Published in the MARCH issue every year**

| | |
|---|---|
| 1. Place Of Publication | 4/5 Corner, Deepak Society, Near Kanaiya Chowk, Raiya Road, Rajkot-360007 (Gujarat) |
| 2. Periodicity of Its Publication | **Daily Evening** |
| 3. Printer's Name | Rajdeepsinh Manoharsinh Zala |
| Nationality Whether Citizen of India (If foreigner state the country of origin) | INDIAN |
| Address | R.P. Publication 31-A, Jay Jalaram Industraial Estate, NH 8B, Behind Ruda Transportnagar, Post-Shokhda Rajkot, Gujarat-360003. |
| 4. Publisher's Name | Rajdeepsinh Manoharsinh Zala |
| Nationality-Whether Citizen of India (if foreigner statethe country of origin) | INDIAN |
| Address | 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya Road, Rajkot-360007 (Gujarat) |
| 5. Editor's Name | Rajdeepsinh Manoharsinh Zala |
| Nationality-Whether Citizen of India (if foreigner statethe country of origin) | INDIAN |
| Address | 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya Road, Rajkot-360007 (Gujarat) |
| 6. Name and address of individuals who own the News Paper Publication and partners of shareholders holding more then one percent of the total capital | Rajdeepsinh Manoharsinh Zala INDIAN 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya Road, Rajkot-360007 (Gujarat) |

I Rajdeepsinh Manoharsinh Zala, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Date: 10-04-2025** **Rajdeepsinh Manoharsinh Zala**
**Publisher**

## પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ ૨૦૨૨–૨૩માં ગુજરાત ફરી એકવાર ટોચ ના રાજ્ય તરીકે ઊભરી આવ્યું

### રાજ્યના ગ્રામવિકાસના વિકાસને નવો આયામ આપવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ સહિત રાજ્ય સરકારને અભિનંદન પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત સરકાર ની પંચાયતીરાજ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (ડ્અઈ) ૨૦૨૨–૨૩ માં ગુજરાત ફરી એકવાર ટોચ ના રાજ્ય તરીકે ઊભરી આવ્યુ છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય સરકારને અભિનંદન પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ હરહમેશ દેશ ના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ પર બહાર મૂક્યો છે. દેશના તમામ ગામડાઑ સ્વચ્છ અને સુવિધાસભર બને અને છેવાડાના માનવી સુધી વિવિધ લોકકલ્યાણકારી યોજનાઑ ના લાભ પહોંચે તે દિશામાં સતત પ્રયત્નશીલ રહ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી કંડારેલ ગ્રામવિકાસ ની કેડીને રાજ્ય ના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ વધારી રહ્યા છે. ત્યારે આજે ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે ફરી એકવાર ગ્રામીણ સ્તરે વિકાસ અને ટકાઉ શાસન પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા સાબિત કરી છે.

પંચાયત રાજ પ્રણાલીએ ગ્રામીણ વિસ્તારોમાં લોકોને તેમના મંતવ્યો વ્યકત કરવા અને વિકાસ અને સશક્તિકરણનો ભાગ બનવાની જગ્યા પૂરી પાડીને તેમના ઉત્થાનમાં મદદ કરી છે. ગ્રામ પંચાયતની પ્રાથમિક ભૂમિકા શિક્ષણ, વાહનવ્યવહાર, આરોગ્ય સંભાળ, પાણી, કૃષિ અને સ્વચ્છતા સુવિધાઓ જેવી પાયાની સેવાઓ પૂરી પાડવાની અને ગામના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં મદદ કરવાની છે. ૭૩મા બંધારણીય સુધારા અનુસાર, પ્રાથમિક સ્તરની સંસ્થા ગ્રામ પંચાયત ત્રિ–સ્તરીય પંચાયતી રાજમાં સૌથી મહત્વપૂર્ણ સંસ્થા છે.

ભારત સરકાર ની પંચાયતી રાજ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (ડ્અઈ) ૨૦૨૨–૨૩ માં ગુજરાત ફરી એકવાર ટોચ ના રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે. મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ આ ઈન્ડેક્સ હેઠળ, દેશ ના ૨૯ રાજ્યોની ૨.૧૬ લાખ ગ્રામ પંચાયતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, જેમાં ગુજરાતની ૩૪૬ ગ્રામ પંચાયતોને ફ્રન્ટ રનર કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે જે દેશમાં સૌથી વધુ છે.

આ સિદ્ધિ સાથે ગુજરાતે દેશના અન્ય રાજ્યો માટે ફરી એકવાર રાષ્ટ્રીય માપદંડ સ્થાપિત કર્યો છે અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગ્રામીણ પરિવર્તન પ્રત્યેની રાજ્યની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતનું ગ્રામીણ પરિવર્તન એક મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ગ્રામીણ વિકાસ માટેના તેમના દ્રષ્ટિકોણથી નોંધપાત્ર પહેલ અને નીતિઓ તરફ દોરી ગઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા સરકારે ગ્રામીણ માળખાગત સુવિધાઓ સુધારવા માટે વિવિધ કાર્યક્રમો શરૂ કર્યા છે, જેમાં રસ્તાઓ, પાણી પુરવઠો અને સ્વચ્છતાનો સમાવેશ થાય છે., સરકારે કૃષિ ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોને ટેકો આપવા માટે નીતિઓ અમલમાં મૂકી છે, જેનાથી રાજ્યના ગ્રામીણ અર્થતંત્રમાં વધારો થયો છે. સમાજ કલ્યાણ યોજનાઓ ક્ષેત્રે ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ન્યાય કાર્યક્રમો જેવી પહેલો રજૂ કરવામાં આવી છે.તેમજ ગુજરાતનો આર્થિક વિકાસ ઔદ્યોગિકીકરણ દ્વારા ચલાવવામાં આવ્યો છે, જેમાં નાના



અને મધ્યમ ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે ગ્રામીણ રોજગાર અને આવકમાં ફાળો આપે છે.આમ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે નોંધપાત્ર રોકાણો આકર્ષ્યા છે, ગ્રામીણ રોજગાર અને આર્થિક વિકાસ માટે તકો ઉભી કરી છે. સરકારે ગ્રામીણ માળખાગત સુવિધાઓમાં રોકાણ કર્યું છે, જેમાં રસ્તાઓ, પુલો અને જાહેર પરિવહનનો સમાવેશ થાય છે. ગ્રામીણ આરોગ્યસંભાળ સેવાઓમાં વધારો કરવામાં આવ્યો છે, તબીબી સુવિધાઓ અને સેવાઓની વધુ સારી પહોંચ સાથે વિકાસનો વ્યાપ વધ્યો છે.

આમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વએ ગુજરાતના ગ્રામીણ પરિવર્તનને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવ્યું છે, જેમાં સર્વસમાવેશી વિકાસ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (ડ્અઈ) એ ભારત સરકાર દ્વારા ડેટા–આધારિત શાસન સંચાલિત કરવા તેમજ ગ્રામ્ય સ્તરે ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (જીઉઋક્ષ્ત) એટલે કે ટકાઉ વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવાને પ્રોત્સાહન આપવા માટેની એક સીમાચિહ્નરૂપ પહેલ છે.

# શહેરમાં આઈપીએલની સાથે ક્રિકેટ સટ્ટાની પણ મૌસમ ખીલી

## દસ્તુરમાર્ગ, ઈન્દ્રપ્રસ્થનગર અને સરદાર બાગ રોડ પર મોબાઈલમાં - ક્રિકેટ સટ્ટો રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ માં સાંજના સમયે અલગ અલગ - ત્રણ સ્થળોએ મોબાઈલ ફોનમાં નસ્ત્ર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરના દસ્તુરમાર્ગ સરદાર નગર શેરી - નં.૧૪ના ખુણે એક શખ્સ - મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો હોવાની ૧ બાતમી પરથી પીસીબી બ્રાંચના હેડ - કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા અને ઘનશ્યામસિંહ ચૌહાણ સરદારનગરમાં - ગયા હતા. ત્યાં જઈ રેલનગર મા ચોકરી ખર આઝાદ ટાઈનણીપમાં રહેતા. સાગર મહેશભાઈ વલેયા નામના શખ્સને મોબાઈલ ફોન પર સટ્ટો રમતા ઝડપી લીધો હતો. તપાસ દરમિયાન પ્રાઈવેટ આઈડી મારફત સાગર સિંધિએ આઈપીએલની ચાલતી કોલકતા નાઈટ રાઈડર્સ અને લખનઉ સુપર જાઈન્ટ વચ્ચેની મેચ પર રંગફેરનો સટ્ટો લગાડ્યો હોવાનું ખુલ્યું હતું. આથી તેની પાસેથી ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યો હતો.

તેવી જ રીતે હેમુ ગઢવી હોલની પાછળ નાલાની બહારના ભાગે ઈન્દ્રપ્રસ્થનગર એકના ખુણે ફુટપાથ ઉપર બેઠેલો શખ્સ ક્રિકેટ સટ્ટો રમતો હોવાની માહિતી પરથી પીસીબી સ્ટાફના હરદેવસિંહ રાણા અને મહિપાલસિંહ ઝાલાએ ઈન્દ્રપ્રસ્થનગરમાં દોડી જઈ ગાયકવાડી શેરી નં.૬/૧૦ના ખુણે રવિસાગર એપાર્ટમેન્ટમાં રહેતા મુરલી ઉર્ફે કાનો વિનોદભાઈ ભાવનાણી નામના સિંધી શખ્સને ઝડપી લીધો હતો. આ શખ્સના મોબાઈલની ચકાસણી કરાતા તેણે પણ આઈપીએલની પંજાબ કિંગ્સ ઈલેવન અને ચેન્નાઈ સુપર કિંગ વચ્ચે ચાલતી મેચ પર રંગફેરનો પર્સનલ આઈડી મારફ્ત સોદો લગાવ્યો હોવાનો ખુલવા પામતા તેના કબ્જામાંથી ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યો હતો.

ત્રીજા દરોડા અંગે જોઈએ તો સરદારબાગ રોડ એચડીએફસી બેન્કની સામે વાલ્મિકીરૂખી ગાર્ડનમાં બાકડા પર બેસી એક શખ્સ ક્રિકેટ સટ્ટો રમતો હોવાની બાતમી પરથી પીસીબી બ્રાંચના કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડા અને હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા સહિતના સ્ટાફે વાલ્મિકી ગાર્ડનમાં ધસી જઈ લાલપરી મક્તિયાપરા શેરી નં.૧માં રહેતા યુનુસ અલ્લારખાભાઈ રાઉમાને ઝડપી લઈ તેની પાસે રહેલા મોબાઈલ ફોનની ચકાસણી કરાતા આ શખ્સ કોલક્તા નાઈટ રાઈડર્સ અને લખનઉ સુપર જાઈન્ટ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાનું ખુલ્યું હતું. આ શખ્સ સોદો લગાડયા બાદ તેની યાદી માટે ચીઠ્ઠીમાં પણ નોંધ કરતો હતો. આથી આ મોબાઈલ ફોન કબ્જે કરી યુનુસ રાઉમાની ધરપકડ કરી હતી. આમ, પીસીબી બ્રાંચે એક જ દીવસમાં ત્રણ સ્થળે દરોડા પાડી ક્રિકેટ સટ્ટો રમતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા.

## ગોંડલમાં પોતાની દુકાનમાં ક્રિકેટ સટ્ટો રમતો માલિક ઝડપાયો

ગોંડલમાં ક્રિષ્ના પાન દુકાનમાં જ ક્રિકેટ સટ્ટો રમતો માલિક હિરેન કાનાબારને પોલીસે પકડી પાડી મોબાઈલ, ટીવી સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલ સીટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ ભાવેશ સાસીયા, રણજીત બોરડ અને હરેશ લુણી સ્ટાફ સાથે પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન ગોંડલમાં નાની બજારમાં આવેલ ક્રિષ્ના પાન નામની દુકાન ચલાવતો હિરેનભાઈ પ્રવિણભાઈ કાનાબાર (રહે. ગોંડલ ભોજરાજપરા શેરી નં.૨૪/૧૧ વાળો નાની બજાર સંઘાણી શેરીમા) પોતાની દુકાનમા પોતાના આઈપીએલ સિરિઝના ક્રિકેટ મેચો ઉપર મોબાઈલ ફોનમા આઈ.ડી. દ્વારા સોદા કરી ક્રિકેટના સટ્ટાનો જુગાર રમાડે છે.તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ત્યાં હાજર હિરેન કાનાબારને અટકમાં લઈ દુકાનમા એક મોનીટર ઉપર લાઈવ આઈપીએલ ૨૦-૨૦ ના ચેન્નાઈ સુપર કિંગસ અને કિંગ્સ ૧૧ પંજાબ વચ્ચે મેચ ચાલતો હોય જે લાઈવ મેચ જોય પોતાના મોબાઈલમા સોદા નાખતો હતો. જેથી શખ્સ પાસે રહેલ મોબાઈલ જોતા તેમાં ક્રીકેટ મેચનો સ્કોર ગૂગલ ક્રોમ બાઉઝરમાં ગોલ્ડ ૩૬૫ વેબસાઈટમાં આઈડી ચાલુ હોય જેમાં વિગત જોતા યુઝર નેમ લમવશચિક્ષ ૬૦૪૩ તથા પાસવર્ડ મવશચિક્ષ૧૨૩ લખેલ જોવામાં આવેલ જે બાબતે પકડાયેલ ઈસમને પુછતા લમવશચિક્ષ તજ્ઞફિ એ પોતાનું આઈડી છે. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી મોબાઈલ, ટીવી સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટમાંથી લાપતા થયેલી સગીરા અને પ્રેમી હોટેલમાં જમવા આવતા ઝડપાયા

■ **કચ્છ-અમદાવાદ ફર્યા બાદ નવમાં દિવસે રાજકોટ આવ્યાથતાઃ પોકસોની કલમનો ઉમેરો કરાયો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરનાં જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતી શ્રમીક પરીવારની સગીરાને તેનાજ વિસ્તારમા રહેતો યુવાન ભગાડી ગયો હોવાની ફરીયાદ ગાંધીગ્રામ પોલીસ મથકમા થઈ હતી આ ઘટનામા ગાંધીગ્રામ પીઆઈની રાહબરીમા ડી સ્ટાફની ટીમે બાતમીને આધારે સગીરા અને તેમનાં પ્રેમીને જામનગર રોડ પર આવેલી હોટલ પરથી ઝડપી પાડયા હતા. આ સાથે પોલીસે સગીરાનુ મેડીકલ ચેકઅપ કરાવતા તેની સાથે દુષ્કર્મ થયાનુ જાણવા મળ્યુ હતુ અને પોલીસે પોક્સોની કલમનો ઉમેરો કરી આરોપીની ધરપકડ કરી હતી તેમજ સગીરાને તેમનાં પરીવારને સોપી હતી.

વધુ વિગતો મુજબ ગઈ નાં ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતી શ્રમીક પરીવારની સગીરાને તેમનાં ઘર પાસે રહેતા જયરાજ કાઠી નામનો યુવાન ભગાડી ગયાની ફરીયાદ ગાંધીગ્રામ પોલીસ મથકમા નોંધાઈ હતી. આ ઘટનામાં પીઆઈ મેઘાણીની રાહબરીમા પીએસઆઈ એસ. બી. જાડેજા અને સ્ટાફ તપાસ ચલાવી રહ્યો હતો ત્યારે ડી સ્ટાફનાં રવીભાઈ ગઢવી, મસરીભાઈ ભેટારીયા, હંસરાજભાઈ ઝાપડીયા અને રોહીતદાન ગઢવી, રઘુવીરસિંહ જાડેજા સહીતનાં સ્ટાફે બાતમીને આધારે જામનગર રોડ પર આવેલી જલારામ હોટલ પાસે જમવા આવેલા સગીરા અને તેમનાં પ્રેમીને પોલીસે ઝડપી લીધા હતા.

આ સાથે યુવકની પુછપરછ કરવામા આવતા બંને રાજકોટથી ભાગીને કચ્છ તેમજ અમદાવાદ તરફ ફર્યા હતા અને અલગ અલગ સ્થળો પર રખડતુ જીવન જીવતા હતા. તેમની પાસે પૈસા ખુટી પડતા યુવક સગીરાને લઈ રાજકોટ આવ્યો હતો અને જામનગર રોડ પર આવેલી જલારામ હોટલ પાસે જમવા આવ્યા આ સાથે પોલીસે ઝડપી લીધા હતા તેમજ મેડીકલ ચેકઅપમા જાણવા મળ્યુ કે સગીરા પર દુષ્કર્મ થયુ હતુ. તેમજ હાલ પોલીસે પોક્સોની કલમનો ઉમેરો કરવામા આવ્યો તેમજ પોલીસે આરોપી જયરાજ સુરેશભાઈ બોઘરા (કાઠી દરબાર) (ઉ.વ. ૧૯) (રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા) ને ઝડપી પુછપરછમા તેની સાથે એક સગીરનુ નામ ખુલતા તેની પણ અટકાયત કરવામાં આવી હતી. હાલ સગીરાને તેમનાં પરીવારને સોપવામા આવી હતી.

# સિવિલ હોસ્પિટલના સિક્યોરિટી ગાર્ડ સુપરવાઈઝરના ત્રાસથી હડતાળ પર ઉતર્યા

## દારૂ પી કર્મચારીઓને હેરાન કરતા હોવાનો અને ૩૦ દિવસ નોકરી કરાવી ૨૬ દી'નો પગાર ચૂકવાતો હોવાના આક્ષેપ સાથે ધરણાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ માં સુપવાઈઝરના ત્રાસથી સિક્યુરીટી ગાર્ડ દ્વારા હોસ્પિટલ ચોકમાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાએ ધરણા કરવામાં આવ્યા છે.



ધરણા પર બેઠેલા ૧૭જેટલા સિક્યુરીટી ગાર્ડ આક્ષેપ કે, સિવિલમાં કરતા જણાવ્યું હતું કે, જણાવ્યુ હતુ કે, નાઈટ માં સુપરવીઝરનો ત્રાસ વધી ગયો છે. રાતે દારૂ પી આવી અને સિક્યુરીટી ગાર્ડને પરેશાન કરવામાં આવે છે. મહિલા ગાર્ડ સાથે અભદ્ર વર્તન કરવામાં આવે છે. અને ક્યારેક કોઈ એવો બનાવ બનશે તેની જવાબદારી કોણ લેશે? આ બાબતે અનેક વખત કોન્ટ્રાક્ટર અને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. અને છુટા કરવાની ધમકી આપવામાં આવે છે. વધુમાં કહ્યું હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા ૩૦ દિવસની હાજરી પુરાવામાં આવે છે. અને પગાર માત્ર ૨૬ દિવસનો જ ચુકવવામાં આવી રહ્યો છે. રજા રાખે તો તેનો પગાર કાપી લેવામાં આવે છે. અને આ બાબતે રજૂઆત કે અવાજ ઉઠાવીએ તો નોકરી પરથી સીધા કાઢી મુકવાની ધણકી આપવામાં આવે છે. સિવિલમાં સિક્યુરીટી ગાર્ડનું કોન્ટ્રાક્ટર દ્વારા આર્થિક અને શારીરીક શોષણ કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સુપરવાઈઝરની હેરાનગતિ, પગાર સહિતના મુદ્દે આજે ફરીથી સિવિલ અધિક્ષકને મળી રજૂઆત કરવામાં અવી હતી. અને યોગ્ય કરવા માંગણી કરી હતી જો ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

હાલ કર્મચારીઓને છુટા કરી દેવાતા રોપ ફેલાયો છે. મહિનાની ચાર રજાની જોગવાઈનો ઉલાળિયો સરકારના ધારાધોરણ મુજબ કર્મચારીઓને મહિનામાં ચાર રજાની જોગવાઈ આપવામાં આવે છે. પરંતુ સિવિલમાં સિક્યુરીટીના કોન્ટ્રાક્ટર દ્વારા આ જોગવાઈનો ઉલાળ્યો કરવામાં આવે છે. અને મહિનામાં એક પણ રજા આપવામાં આવતી નથી. જે રજા રાખે તેનો પગાર કાપી લેવામાં આવતો હોવાના આક્ષેપ કર્યા હતાં.

# મોરબી પંથકના યુવાનને યુવતિ સહિત બે શખ્સોએ હનીટ્રેપમાં ફસાવ્યો

## પરિવારના સભ્યએ જ રૂપિયા પડાવવા અપહરણ કરી ૪૦ લાખની માંગણી કરીઃ પોલીસે ટોળકીનો ભાંડો ફોડયો

**મુખ્ય સમાચાર જૂનાગઢ**





મોરબી ના લાલપર ગામમાં પ્લોટ વિસ્તારમાં રહેતા અને પ્રોવિઝન પરાવતા પંકજ ભરત ડઢાણીયા (ઉ.૫.૩૧) ગત તા.૧ એપ્રિલના તેના ઘરે હતો ત્યારે તેના મોબાઈલમાં મેસેજ આવ્યો હતો. ત્યાર બાદ ફોન આવ્યો હતો જેમાં યુવતી એ તેનું નામ જાનવી હોવાનું અને અમરેલી જિલ્લાના વડીયામાં રહેતી હોવાનું કહ્યુ જંતુ, ગત પાંચ-વાગ્યે

જાનવીએ પંકજને કોન કરી ૧૧ વાગ્યા આસપાસ વિરપુર આવવાની છે તું પણ આવે તેવી વાત કરી હતી પડજ અને મોરબી તાલુકાના પીપળી ગામનો તેની ફઈનો દિકરો કિશન શાંતિભાઈ સોખરીયા ને લઈને વિરપુર બસ સ્ટેન્ડ ખાતે પહોંચ્યા ત્યારે જાનવી કારમાં બેસી ગઈ હતી અને તેણીએ પંકજને તમે ગાડી પરબ થઈ બીલખા તરફ જવા દો, મારે નણંદના ઘરે જવું છે અહીં કોઈને ખબર પડી જશે તેમ કહેતા આ ત્રણેય બિલખા તરફ નીકડયા હતા. ભેસાણ થઈ છોડવડી રોડ પર પહોંચતા વોશરુમ જવાના બહાને ગાડી રોકાવી હતી ત્યારે બે બાઈકમાં ચાર અજાણ્યા રાખ્સો આવ્યા હતા. તેમાંથી એક શખ્સ જાનવીને બાઈક પર બેસાડી ભેસાણ તરફ જતો રહ્યો હતો. ૩ અજાણ્યા શખ્સો પંકજ અને કિશન સાથે કારમાં બેસી ગયા હતા. તેઓબે તમે આ લેડીઝને ક્યાંથી બેસાડેલ, આ બંનેને વાડીએ લઈ લો તેમ કરી અપહરણ કર્યું હતુ. ગાડી ચલાવતા શખ્સે જાનવીને બે દિકરીઓ છે તેને ૨૫-૨૫ લાખ રૂપિયા આપી દે નહીંતર તેને દુષ્કર્મના કેસમાં ફસાવી દઈશું તેવી ધમકી આપી હતી. પડજે તેની પાસે આટલા વૈસા નથી તેમ કહેતા તુ ચેક મંગાવી અમને આપી દે તેમ કહી પંકજને તેની માતા સાથે વાતચીત કરાવી હતી પરંતુ તેની માતા

ચૈક આપવાની ના પાડી હતી. બાદ શખ્સો પંકજ અને કિશન ને વિસાવદર તરફ લઈ ગયા હતા. ત્યાંથી જેતપુર બસ સ્ટેશન પર લઈ ગયા જયા આ શખ્સોએ કિશન અમારી પાસે છે તુ ચેક અથવા ૧૦ લાખ રૂપિયા લાઈને જેતપુર આવીને ડિશનને ફોન કરજે તેમ કહી જેતપુર ઉતારી દીધો હતો. ત્યાંથી મસમાં બેસી પંફજ ઘરે પહોંચ્યો હતો. પરિવારને વાત કર્યા બાદ બેસાણ પોલીસ સ્ટેશનમાં જાનવી તથા ચાર અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

ભેસાણ પીઆઈ આર.ભી.ગઢવી સહિતના સ્ટાડે એલસીબીની મદદથી તપાસ શરૂ કરી હતી. કિશનની પૂછરછ કરતા શંકારદ બાબતો સામે આવી હતી બાદમાં પ્રીપા નામની યુવતી અને કિશનને રાઉન્ડઅપ કરી પુછપરછ કરતા સમગ્ર મામલાનો ભાંડો ફટયો હતો. આ બંને સુલતાનપુરેના શૈલેષગીરી ઉર્ફે ભાણો ગૌસાઈ પોતાની સાથે હોવાનું જણાવ્યુ હતુ. આ ઉપરાંત અન્ય શખ્સો અજાણ્યા હોવાની કેફિયત આપી હતી અન્ય રશખ્સોને પકડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આમ ડિશને પોતાના પિતરાઈ પાસેથી ૧૦ લાબ રૂપિયા પડાવવા માટે સાગરીતો સાથે મળી પોતાના જ અપહરણનું નાટક કર્યું હતુ પરંતુ પોલીસે આ ટોળકીનો ભાંડો કોડી નાખ્યો હતો.

# દલાલે પ્રોપર્ટીમાં રોકાણ કરવાના બહાને જૂનાગઢના ફોજદારને ૫.૫૦ લાખનો ચુનો ચોપડયો

■ **રાજકોટ રહેતા ફોજદારે નાણા ગપચાવી જનાર દલાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેસકોર્સ રહેતા અને જૂનાગઢ ટ્રેનીંગ સેન્ટરમાં ફરજ બજાવતા ફોજદારને એક જમીન દલાલનો સંપર્ક થયો હતો. જેણે જમીનમાં રોકાણ કરવાનું વધુ વળતર મળશે તેમ કહીને ૫.૫૦ લાખ રોકાણ કરાવ્યા હતાં. પરંતુ જમીન દલાલ શખ્સ દ્વારા કોઈપણ જાતની જમીનમાં રોકાણ ન કરી રકમ પરતા ન કરાતા તે શખ્સ વિરુદ્ધ ફોજદારે છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. જાણવા મળતી વિગતો મુજબ રેસકોર્સ પાસે ગેલેક્સી બિલ્ડીંગની બાજુમાં રાજેશ બીમાં રહેતા અને જૂનાગઢ ખાતે ટ્રેનીંગ સેન્ટરમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રકુમાર ભીખુભા જેબલિયાએ સિનર્જી હોસ્પિટલ પાસે રાજભોગમાં ઓફિસ ધરાવતા જમીન દલાલ નયન જતીન સેજપાલ સામે રૂ.૫.૫૦ લાખની વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ફોજદાર જેબલિયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૯માં તેને નયન સેજપાલનો સંપર્ક થયો હતો અને પોતે પ્રોપર્ટી લે-વેચનું કામ કરતો હોવાનું જણાવ્યું હતું. એક સમયે કહ્યું હતું કે, એક સારી પ્રોપર્ટી છે અને તેમાં પાંચેક લાખનું રોકાણ કરવાથી ચાર લાખ સુધીનો ફાયદો મળશે. આમ કહેતા ફોજદાર જેબલિયા પાસે રકમ પડી હોવાથી તેને પહેલા પાંચ લાખ રોકાવ્યા હતાં ત્યાર બાદ સમય જતાં બે લાખનો ફાયદો થયો છે તેમ કહીને ૫૦ હજાર ફરી લઈ લીધા હતાં આમ કુલ ૫.૫૦ લાખનું રોકાણ કરાવ્યું હતું.

ડિસેમ્બર ૨૦૨૪ સુધી નયન સેજપાલે એક પણ ફદિયુ પરત કર્યુ ન હતું. વારંવાર ઉઘરાણી કરવા છતાં પણ આજકાલ કરતો હતો. છેલ્લે તેણે નાણા આપવા હાથ ઉંચા કરી દેતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ૫.૫૦ લાખની છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. જે અંગે એએસઆઈ સોનલબેન ગોસાઈ તપાસ ચલાવી રહ્યા છે.

# હત્યાની કોશિશના ગુનામાં આરોપીઓને કાયદાનું ભાન કરાવી પોલીસે સરઘસ કાઢ્યું

## મેટોડામાં શખ્સો એ છરી-ધારિયાથી બે ભાઈઓ ઉપર હુમલો કર્યો ,તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડના શીશાંગ ગામે રહેતા યુવકની કાર પર શખસે કાર ચડાવવાનો પ્રયાસ કરી ત્રણ શખસોએ યુવક અને તેના પિતરાઈ ભાઈ પર જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રિપુટીને દબોચી લઈ કાયદાનું ભાન કરાવી ઘટનાસ્થળે લઈ જઈ સરઘસ કાઢ્યુ હતુ.



અંગેની માહિતી મુજબ શીશાંગ ગામે રહેતા અને મેટોડાની ખાનગી કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા રામદેવસિંહ અશોકસિંહ જાડેજાએ મેટોડા પોલીસમાં રાજકુમારસિંહ ઉર્ફે કુમાર યુવરાજસિંહ ઉર્ફે ઘનુભા તથા બે અજાણ્યા શખસો સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે સોમવારે ઘરે જતો હતો ત્યારે ઉપરોક્ત શખસે મારી ગાડી પર પોતાની કાર નાખેલ જેથી મે તેને ફોન કરી આવી મસ્તી ન કરતો કહેતા શખસે કહ્યું કે ગાડી આ રીતે જ ચાલશે કહી ગાળો દઈ ધમકી આપતો હોય પિતરાઈને ફોન કરી રૂબરૂ બોલાવતા અમે બંને ગેઈટ નં ૨ પાસે જતા બંને સાથે ઝપાઝપી કરી ધારીયા, છરી અને ધોકા વડે મારી નાખવાના ઈરાદે હુમલો કર્યાની ફરિયાદ નોંધાવતા પીઆઈ એચ એસ શર્મા સહિતે ગુનો નોંધી હુમલાખોર રાજકુમારસિંહ ઉર્ફે કુમાર યુવરાજસિંહ ઉર્ફે ઘનુભા જાડેજા, અબ્બાસ અકબરભાઈ મુલતાની, આરીફ અકબરભાઈ કાજીની ધરપકડ કરી ૧ દિવસના રીમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે.

# પોપટપરામાં વ્યાજખોરના ત્રાસથી મહિલાએ પોલીસ મથકમાં ફિનાઈલ પી કર્યો આપઘાતનો પ્રયાસ

## ૪ લાખના ૧૬ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરી વેપારીનાં ઘરમા ઘુસી બહાર કાઢી માર માર્યાનો આક્ષેપ

પોપટ પરામા રહેતા વેપારીનાં ઘરમા ઘુસી તેને બહાર કાઢી માર માર્યો હતો અને પૈસાની પઠાણી ઉઘરાણી કરી હતી. આ બનાવથી કંટાળી ગયેલા તેમનાં પત્નીએ પ્રનગર પોલીસ મથકે પહોંચી ફીનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા પોલીસે બંને વ્યાજખોર સામે ગુનો નોંધ્યો હતો. આ અંગેની માહિતી મુજબ પોપટપરા શેરી ને ૨ મા રહેતા નીકીતાબેન રાજેશભાઈ તલવાર (શીખ) (ઉ.વ. ૨૭) અને પોતાની ફરીયાદમા સદામ બદવાણી અને જાવેદભાઈનુ નામ આપતા બંને સામે મની લેન્ડ એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે . આ ઘટનામા હેડ કોન્સ્ટેબલ ગરચર તપાસ ચલાવી રહ્યા છે. નીકીતાબેને ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ પતિ સાથે સીઝનલ ચીજ વસ્તુઓનો વેપાર કરી ધંધો કરે છે. ગઈ તા. ૭ નાં સાંજનાં સમયે પતિ સહીતનો પરીવાર ઘરે હતા ત્યારે સદામ અને તેની સાથેનો માણસ ઘરે આવ્યા હતા અને છરી બતાવી પતિ રાજેશભાઈને બહાર કાઢી ઢોર માર માર્યો હતો જેથી તેમને ઈજાઓ થઈ હતી ત્યારબાદ પતિ મોડી રાત્રે ઘરે આવ્યા ત્યારે તેઓ ગભરાયેલા દેખાતા હતા. તેમણે સદામ પાસેથી દોઢક વર્ષ પહેલા ૩ લાખ રૂપીયા ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતા. તેની સામે તેમણે ૮ લાખ રૂપીયા વ્યાજ સહિત ચુકવી દીધા હતા .ત્યારબાદ રાજેશભાઈએ જાવેદ પાસેથી ૮ મહિના પહેલા ૧ લાખ રૂપીયો વ્યાજે લીધો હતો તેની સામે રાજેશભાઈએ તેમને વ્યાજ સહીત રૂ. આઠેક લાખ ચુકવી દીધા હતા. આમ છતા જાવેદભાઈ રાજેશભાઈનાં પરીવારને વધુ વ્યાજની માગણી સાથે હેરાન કરે છે. તેમજ પૈસા ભરવા દબાણ કરતા હોય અને વારંવાર મારી નાખવાની ધમકી આપતા હોય અને તા ૭ નાં રોજ રાજેશભાઈને બેફામ માર મારતા તેઓ ઘર છોડીને જતા રહ્યા હતા અને આરોપીઓ ફરીયાદ ન કરવા દબાણ કરતા હતા. જેથી નીકીતાબેને કંટાળી જઈ પોપટપરામા આવેલી મેડીકલ સ્ટોરમાથી ફીનાઈલની બોટલ લઈ બે ઘુટડા પી પોલીસ મથકમા જ આપઘાતનો પ્રયાસ કર્યો હતો આ મામલે બંને વ્યાજખોર સામે ગુનો નોંધી કાયદાનુ ભાન કરાવવા તજવીજ શરૂ કરી છે.

# લાભદીપ સોસાયટીમાં જમીન મકાનના ધંધાર્થીએ બેકારીથી કંટાળી કર્યો આપઘાતનો પ્રયાસ

## કોઠારીયામાં શ્રમિક સગીરાએ વખ ઘોળતા તબિયત લથડી

શહેરમાં રામાપીર ચોકડી પાસે આવેલી લાભદીપ સોસાયટીમાં રહેતા જમીન મકાનના ધંધાર્થીએ બેકારીથી કંટાળી એસિડ અને ફીનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મળતી વિગત મુજબ શહેરમાં રામાપીર ચોક્ડી પાસે આવેલી લાભદીપ સોસાયટીમાં રહેતા રાજુભાઈ લાભુભાઈ સોજીત્રા નામના ૪૫ વર્ષના પ્રૌઢ રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે એસિડ અને ફિનાઈલ પી લીધું હતુ પ્રૌઢને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં રાજુભાઈ સોજીત્રાને સંતાનમાં એક પુત્ર છે અને રાજુભાઈ સોજીત્રા ખેતી કામ અને જમીન મકાન લે વેચનું કામ કરે છે રાજુભાઈ સોજીત્રાએ ધંધો નહીં ચાલતા એસિડ અને ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. કોઠારીયા ગામે પરિવાર સાથે ખેત મજૂરી અર્થે આવેલી લીલુબેન કાનાભાઈ ભુરીયા નામની ૧૬ વર્ષની સગીરા સાંજના પાંચેક વાગ્યાના અરસામાં વાડીએ હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. સગીરાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# યુવતીનું ઈન્સ્ટાગ્રામમાં બોગસ આઈડી બનાવી ન્યુડ ફોટો-વિડીયો અપલોડ કર્યા

શહેરમાં લક્ષ્મીનગર વિસ્તારમાં રહેતી યુવતિનું ઈન્ટાગ્રામમાં બોગસ આઈડી બનાવી તેમાં ન્યુડ ફોટા- વિડીયો અપલોડ કરી યુવતિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર અજાણ્યા શખસો સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. શહેરના લક્ષ્મીનગર વિસ્તારમાં પરિવાર સાથે રહું છું. અને મારા ફોનમાં સોશિયલ મીડીયા પર સતત એકિટવ છું અઠવાડીયા પૂર્વે મિત્રએ જણાવ્યું હતું કે તારા ફોટાવાળું એક ઈન્ટાગ્રામમાં આઈડી છે. જેથી મિત્રએ ઈંત્રદ્ઘ-મયતફશ-ષફફક્ષસી-૧૦૧૧,ઈંત્રદ્ઘ-મયતફશ-ષફફક્ષસી૧૦, ક્ષયવફ-ચમશઙ્ગિં૧૪૩ સહિત આઈડીમાં ચેક કરતા મારા ફોટા તેમજ વીડીયોનો દુર ઉપયોગ કરીને ઉપરોકત આઈડીમાં પોસ્ટ કરેલ હતા. જેથી મે ઉપરોકત આઈડીમાં ઈન્ટાગ્રામ મારફતે મેસેજ કરી તેની સાથે વાત કરતા સામાવાળાએ સરખી વાત કરી ન હતી. બાદ મારા આઈડીમાંથી જ મિત્રને વાત કરાવતા તેના દ્વારા જાણવા મળેલ કે તારા ફોટાનો દૂરઉપયોગ કરીને મોફીંગ દ્વારા ન્યુડ ફોટો બનાવી તને વાયરલ કરી દઈશ તેમ કીધું હતું.અને વારમવાર આઈડી ડીલીટ કરવાનું કહેતા કર્યુ નહીં પરંતુ મારા ફોટા વાળી પોસ્ટ ડીલીટ કરી નાખી હતું.અન્ય એકાઉન્ટમાં મારી પોસ્ટ હજુ પણ યથાવત છે.

# રાજકોટના બે સહિત રાજયના ૪૯ પીએસઆઈને પીઆઈનું પ્રમોશન

■ **પીસીબીના એમ.જે. હુણ, પ્ર.નગરના બી.વી. બોરીસાગર, ગ્રામ્યના આર.એસ. સાંકળિયા અને કે.એસ. ગરચરને બઢતી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતાં પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે હાલમાં ચાલતા બઢતી બદલીના દોર વચ્ચે વધુ રાજકોટ શહેર-જિલ્લાના ત્રણ સહિત રાજયના ૪૯ પીએસઆઈને પીઆઈના પ્રમોશન મળતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે.

કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્શતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખૂબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસુરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં વર્ષ ૨૦૨૪માં કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળી હતી. ત્યારે વર્ષ ૨૦૨૫માં પણ બઢતી બદલીનો દોર યથાવત હોય તેમ રાજ્યના વધુ ૪૯ પીએસઆઈને

પીઆઈના પ્રમોશન અપાયા છે.

જેમાં રાજકોટ રાજકોટ પીસીબીના પીએસઆઈ એમ.જે. હુણ, પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈ બી.વી. બોરીસાગર, રાજકોટ ગ્રામ્યના પીએસઆઈ રાઘવ સાંકળિયા, કમલેશ ગરચર, રાજકોટના તત્કાલીન અને કચ્છ પૂર્વ ગાંધીધામના પીએસઆઈ અને અસ્મિતાબેન પિપરોતર સહિત રાજયના ૪૯ પીએસઆઈને પીઆઈનું પ્રમોશન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪ની બઢતીની સિદ્ધિ અને વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં થયેલી બઢતીઓથી રાજયની લો એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે.

# લોધેશ્વર સોસાયટીમાં ઘર બહાર બાંધેલા ૮ બકરા કારમાં ભરી તસ્કરો રફચક્કર

■ **ચા અને પાન-મસાલાની કેબીનના પતરા તોડી ગઠિયો રોકડ અને મોબાઈલ ઉઠાવી ગયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ બે સ્થળે ચોરી થયાની પોલીસ દફ્તરે ફરિયાદ નોંધાઈ છે. જેમાં લોધેશ્વર સોસાયટીમાં ઘર બહાર બાંધેલા ૮ બકરા કારમાં ભરી તસ્કરો નાશી છુટયા હોવાની અને ચા-પાન-ફાકીની કેબીનના પતરા તોડી રોકડ અને મોબાઈલની ઉઠાંતરી કર્યાની ઘટના સામે આવી છે.

આ અંગે ની વિગત મુજબ લોધેશ્વર સોસાયટીમાં રહેતા રાજેશભાઈ વિનોદભાઈ જરિયાના ઘર બહાર રાત્રીના સમયે ૬ બકરી અને બે નાના બકરીના બચ્ચા બાંધ્યા હતાં. ત્યારે રાત્રીના સમયે ૩થી ૪ અજાણ્યા શખ્સો ૮ બકરાને કારમાં ભરીને નાશી છુટ્યા હોવાની રાજેશભાઈ જરિયાએ માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જ્યારે બીજા બનાવમાં રૈયાધાર સ્લમ કવાટરમાં રહેતા અને યુનિવર્સિટી રોડ ઉપર સમરસ હોસ્ટેલ સામે માલધારી ટી સ્ટોલ નામની પાનની કેબીન ચલાવતા લાલજીભાઈ ગાંડુભાઈ ડોંડાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે, રાત્રીના સમયે અજાણ્યા શખ્સોએ કેબીનની સાઈડના પતરા તોડી કેબીનમાં ટેબલના ખાનામાં રહેલી રૂા. ૧૮ હજારની રોકડ અને મોબાઈલ મળી રૂપિયા ૨૩ હજારના મુદ્દામાલની ચોરી થયાનું જણાવ્યું છે. પોલીસે ફરિયાદના આધારે બન્ને ચોરીના ભેદ ઉકેલવા ચક્રોગતિમાન કર્યા છે.